Wednesday, 16 September 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક


# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૬૬ ● સંવત-૨૦૮૨ ભાદરવા સુદ પાંચમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



જ્ઞાન મેળવવામાં ક્યારેય પાછળ ન રહો, તે તમને આગળ વધવામાં મદદ કરશે.
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

રાજસ્થાનમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને મળેલી શાનદાર સફળતા અને 'સેવા સંકલ્પ અભિયાન' વિશે

# દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ પ્રમુખ મહેશભાઈ આગરિયાએ દમણ ખાતે યોજેલી પત્રકાર પરિષદ

## ભાજપ માટે રાજસ્થાનની સ્થાનિક ચૂંટણીમાં થયેલો વિજય માત્ર રાજકીય સફળતા નથી, પરંતુ જનતાની સેવા કરવાની મોટી જવાબદારી પણ છેઃ મહેશભાઈ આગરિયા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૪**

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી મહેશભાઈ અગરિયાએ આજે દમણ સ્થિત ભાજપ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ યોજી હતી અને રાજસ્થાનની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીના ઉત્કૃષ્ટ પ્રદર્શન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે શરૂ થયેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંગે વિગતવાર માહિતી આપી હતી.

રાજસ્થાનની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોની ચર્ચા કરતા દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાએ જણાવ્યું હતું કે, રાજસ્થાનના લોકોએ ફરી એકવાર ભારતીય જનતા પાર્ટીની 'નીતિઓ', વિકાસ કાર્યો, સુશાસન અને સંગઠનમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. રાજસ્થાનના ૩૦૯ શહેરી સ્વરાજ્યની સંસ્થાઓમાં ૧૦,૨૪૪ વોર્ડ માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપે ૪,૧૭૯ વોર્ડ જીત્યા હતા, જ્યારે કોંગ્રેસે ૩,૬૧૩ વોર્ડ જીત્યા હતા. આમ, ભાજપે કોંગ્રેસ કરતા ૫૬૬ વધુ વોર્ડ જીત્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે, ભાજપ ૧૪૮ સ્થાનિક સંસ્થાઓમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે, જ્યારે કોંગ્રેસ ૧૦૪માં સૌથી મોટી પાર્ટી હતી. આ પરિણામ રાજસ્થાનના લોકોનો ભાજપ અને પાર્ટીના મજબૂત સંગઠનમાં વધતા વિશ્વાસનો સ્પષ્ટ પુરાવો છે.

શ્રી અગરિયાએ જણાવ્યું હતું કે, ભાજપ માટે આ વિજય માત્ર રાજકીય સફળતા નથી, પરંતુ જનતાની સેવા કરવાની મોટી જવાબદારી પણ છે. ભાજપના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ સ્થાનિક સ્તરે વિકાસ, પારદર્શિતા અને જન કલ્યાણને પ્રાથમિકતા આપીને કાર્ય કરશે.

**'સેવા સંકલ્પ અભિયાન' દ્વારા લોકોની સેવા કરવાનો સંકલ્પ લેવા પ્રદેશ ભાજપ પ્રમુખ મહેશભાઈ આગરિયાનો કાર્યકરોને અપીલ.**

પત્રકાર પરિષદ દરમિયાન, પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાએ વડાધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન' અંગે માહિતી આપતા જણાવ્યું હતું, કે ભાજપ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ૨૫ વર્ષની સેવા અને લોકસેવા દ્વારા સમર્પણને માન આપવા માટે ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર દરમિયાન 'સેવા સંકલ્પ અભિયાન' શરૂ કરશે. આ અભિયાન હેઠળ, સંઘપ્રદેશમાં સેવા, જન કલ્યાણ અને સામાજિક ચિંતાઓ સંબંધિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં સૌથી વધુ હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોને સેવા અને સહાય પૂરી પાડવાનો રહેશે.

ભારતીય જનતા પાર્ટીનો મુખ્ય મંત્ર 'સેવા એ જ સંગઠન' છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જીવનમાંથી પ્રેરણા લઈને, દરેક ભાજપ કાર્યકર સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવવા માટે પ્રતિબદ્ધ હોવાનું શ્રી મહેશભાઈ આગરિયાએ પત્રકારોને જણાવ્યું હતું. પત્રકાર પરિષદ દરમિયાન પ્રદેશ ભાજપ મીડિયા સંયોજક શ્રી માજીદ લધાણી અને દમણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ સહિત ભાજપના પદાધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# દાદરા ગામનો રસ્તો બની ગયો અકસ્માત ઝોનઃ કારણ કે, ગામના મુખ્ય રસ્તા પરની સ્ટ્રીટ લાઈટો વર્ષોથી બંધ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૫**

ગુજરાતના વલસાડ અને મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાને અડીને આવેલા કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીના દાદરા-દેમણી પંચાયતના મુખ્ય રોડ પર હાલના દિવસોમાં લગભગ રોજે જ એક અકસ્માતની ઘટના બની રહી છે. કારણ કે, આ રોડ ઉપર કેટલાય વર્ષથી સ્ટ્રીટ લાઈટ બંધ છે. આ ઉપરાંત રખડતા એકલા-અટૂલા પશુઓના જમાવડાના કારણે વારંવાર અકસ્માતની ઘટનાઓ બની રહી છે. મુખ્ય રસ્તાની સ્ટ્રીટ લાઈટો વર્ષોથી બંધ હોવા ઉપરાંત રોડના ડિવાઈડર પણ ક્ષતિગ્રસ્ત હોવાથી વારંવાર અકસ્માતો થઈ રહ્યા છે.

એવી જ એક ઘટના એક દિવસ અગાઉ ડિવાઈડર પર ચડી જવાને કારણે ટેન્કર પલ્ટી ગયું હતું. સોમવારે રાત્રે દમણથી સેલવાસ તરફ દર્દીને લઈને જઈ રહેલ ૧૦૮ એમ્બ્યુલન્સ પણ પલ્ટી ગઈ હતી. જેમાં બેઠેલા દર્દીનો ચમત્કારિક બચાવ થયો હતો. ત્યારે રસ્તાની વિકટ સ્થિતિ માટે ફક્ત પ્રશાસનને જવાબદાર ગણનાર જનપ્રતિનિધિઓ પોતાની જવાબદારીથી નહિ બચી શકે, જનપ્રતિનિધિઓ જનતાની સમસ્યા હલ ન કરી શકે અને રસ્તાની સ્ટ્રીટ લાઈટ ચાલુ નહીં કરાવી શકે તો પછી પદ પર બેસી રહેવાનું યોગ્ય છે.? તેઓ કામ નહિ કરી શકે તો રાજીનામું આપી દેવું જોઈએ, પંચાયતના પ્રતિનિધિઓ અને પ્રશાસન કોઈ મોટા અકસ્માતની રાહ જોઈ રહ્યા છે કે શું? એવા સવાલો લોકો કરી રહ્યા છે. ત્યારે સમયની રાહ જોયા વિના તાત્કાલિક ધોરણે દાદરા-દેમણી રસ્તા ઉપરની બંધ પડેલી સ્ટ્રીટ લાઈટો ચાલુ કરાવવામાં આવે અને ડિવાઈડરોને પણ વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવે ત્યારે જ 'સેવા સંકલ્પ અભિયાન' યથાર્થ ઠરશે.

# દાદરા નગર હવેલીમાં વિવિધ મંડળો દ્વારા ગણપતિની સ્થાપવામાં આવેલી પ્રતિમાની તસવીરી ઝલક



ચૌહાણ પરિવાર ગણેશ મંડળ-નરોલી



નરોલી પંચાયત ગણેશ મંડળ-નરોલી



સામરવરણી પંચાયત ગણેશ મંડળ-સામરવરણી

- (વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

# દમણમાં દોઢ દિવસના સ્થાપિત ગણપતિની મૂર્તિનું વિસર્જન કરાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

દમણના મીટનાવાડ સ્થિત શ્રી રામજી મંદિરમાં ૧૪ વર્ષથી ગણપતિ બાપાની સ્થાપના કરવામાં આવે છે. આ વર્ષે પણ ડીજે અને બેંડવાજાના તાલે વાજતે-ગાજતે ગણપતિ બાપાની શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ગણપતિ બાપાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. આજે અહીં સ્થાપવામાં આવેલ દોઢ દિવસના ગણપતિ બાપાની મૂર્તિની દમણ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રી શોકતભાઈ મીઠાણીના હસ્તે વિસર્જન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મીટનાવાડના યુવાનો, વડિલો અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને બાપાને ભાવભીની વિદાય આપી આવી હતી.

રાજસ્થાનની શહેરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં

# ભાજપનો 'દબદબો': ૪૧% વોર્ડ કબજે કર્યા, કોંગ્રેસ ૩૫% પર અટકીઃ ૫૬૬ બેઠકોની મોટી સરસાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**જયપુર, તા.૧૫**

રાજસ્થાનની શહેરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપે શાનદાર પ્રદર્શન કરીને કોંગ્રેસને પાછળ છોડી દીધી છે. ઉપલબ્ધ પરિણામો મુજબ ભાજપે કુલ 10,244 વોર્ડમાંથી 4,179 વોર્ડમાં જીત મેળવી છે, જ્યારે કોંગ્રેસને 3,613 વોર્ડ મળ્યા છે. આમ, ભાજપનો વોર્ડમાં હિસ્સો 40.8 ટકા અને કોંગ્રેસનો 35.3 ટકા રહ્યો છે. બંને પક્ષ વચ્ચે 566 વોર્ડનું અંતર જોવા મળ્યું છે. આ પરિણામોને મુખ્યમંત્રી ભજનલાલ શર્માની સરકાર માટે મહત્વપૂર્ણ રાજકીય સફળતા તરીકે જોવામાં આવી રહી છે. જોકે, સ્થાનિક ચૂંટણીમાં ઉમેદવાર, સ્થાનિક મુદ્દા અને અપક્ષોની ભૂમિકા પણ મહત્વની રહે છે. રાજસ્થાનમાં આ વખતે 309 શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટણી યોજાઈ હતી. તેમાં મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગરપાલિકા જેવા - (વધુ પાના નં. ૨ પર)




**NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public Offer of its Equity Shares and has filed a red herring prospectus dated September 10, 2026 with the RoC. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the BRLMs i.e., Kotak Mahindra Capital Company Limited at https://investmentbank.kotak.com; JM Financial Limited at www.jmfl.com; Morgan Stanley India Company Private Limited at www.morganstanley.com/india; Citigroup Global Markets India Private Limited at https://www.citigroup.com/global/about-us/globalpresence/india; HSBC Securities and Capital Markets (India) Private Limited at www.business.hsbc.co.in; J.P. Morgan India Private Limited at www.jpmipl.com; Anand Rathi Advisors Limited at www.anandrathiib.com; Avendus Capital Private Limited at www.avendus.com; Axis Capital Limited at www.axiscapital.co.in; DAM Capital Advisors Limited at www.damcapital.in; Equirus Capital Limited (*formerly known as Equirus Capital Private Limited*) at www.equirus.com; HDFC Bank Limited at www.hdfc.bank.in; ICICI Securities Limited at www.icicisecurities.com; IDBI Capital Markets & Securities Limited at www.idbicapital.com; IIFL Capital Services Limited (*formerly known as IIFL Securities Limited*) at www.iiflcapital.com; Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswal.com; Nuvama Wealth Management Limited at www.nuvama.com; Pantomath Capital Advisors Private Limited at www.pantomathcapital.com, 360 ONE WAM Limited at www.360.one and SBI Capital Markets Limited at www.sbicaps.com, the website of BSE at www.bseindia.com and the website of our Company at www.nseindia.com. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section "*Risk Factors*" beginning on page 26 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision but should only rely on the information included in the RHP filed by the Company with the RoC, the SEBI and the Stock Exchange.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (a) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act and referred to in the RHP as "**U.S. QIBs**"; for the avoidance of doubt, the term "U.S. QIBs" does not refer to a category of institutional investor defined under applicable Indian regulations and referred to in the RHP as "QIBs") in transactions exempt from, or not subject to, the registration requirements of the U.S. Securities Act; and (b) outside of the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act ("**Regulation S**") and the applicable laws of the jurisdiction where those offers and sales are made.




## સુવિચાર - સદ્‌વિચાર

દરેક અંધકાર પછી પ્રકાશ આવે છે,
ધીરજ રાખો અને આશા છોડશો નહીં, કાલે તમારો દિવસ આવશે.

## કવિતા

### હસ્તાંતર

વિસર્જન માટે ગણપતિ લઈ જતાં
મને મૂર્તિનો ભાર લાગવા માંડ્યો ત્યારે
ઊછળતી યુવાનીભર્યા
મારા પુત્રે જ મને કહ્યું; ''આપો મને.''

મેં મૂર્તિ તરત દીકરાના હાથમાં મૂકી
બાજોઠ સહિત
દીકરાએ પણ મૂર્તિ હાથમાં લીધી બરાબર સંભાળીને, ને
હું એક દૈવી આનંદમાં અકલ્પિત
પરંપરા આગળ સરકાવ્યાના...

હું પાછો યુવાન યયાતી જેવો,
મારો પુત્ર એકદમ વૃદ્ધ
પરંપરાના બોજાથી વાંકો વળી ગયેલો.

(અનુ. જયા મહેતા)
- દ. ભા. ધામણસ્કર

## આજની જોક

**સારવાર લેતા દર્દીએ વૈદને કહ્યું :** 'તમારી દવાઓ બહુ મોંઘી છે, શું અહીંયા આ જડીબુટ્ટીઓ બહુ મુશ્કેલીથી મળે છે?'
**વૈદ :** 'ના ના.. વાત એમ નથી. અહીંયા જડીબુટ્ટીઓ તો સહેલાઈથી મળે છે. પરંતુ દર્દીઓ બહુ મુશ્કેલીથી મળે છે.'

## કબીર વાણી



**ભક્ત દ્વાર હય સાંકડા, રાઈ દસમા ભાય;**
**મનહિ જબ રાવત હો રહા, ક્યું કર શકે સમાય?**

**-અર્થાત-**

પરમેશ્વરનો ભક્ત થવાનો દરવાજો એટલો તો સાંકડો છે, જાણે રાઈનો દસમો ભાગ છતાં મન તરેહવાર વિચારોના જથ્થા એકઠા કરી પર્વત જેવું મોટું થઈ જાય, ત્યારે, એવા સાંકડા દરવાજામાં કેમ દાખલ થઈ શકે?

## ચાણક્ય ઉવાચ



**કાલઃ પચતિ ભૂતાનિ કાલઃ સંહરતે પ્રજાઃ।**

**-અર્થાત-**

સમય જ બધા જીવોને પરિપક્વ કરે છે અને સમય જ સૃષ્ટિનો અંત કરે છે.

## આજનો દિન વિશેષ

### આશીર્વાદી લાલ શ્રીવાસ્તવ

આશીર્વાદી લાલ શ્રીવાસ્તવ, જેને સામાન્ય રીતે એ.એલ. શ્રીવાસ્તવ તરીકે ઓળખવામાં આવે છે, તેમનો જન્મ ૧૬ સપ્ટેમ્બર ૧૮૯૯ના રોજ ઉત્તર પ્રદેશના અંધણામાં થયો હતો, તેમનું અવસાન ૧૨ જુલાઈ ૧૯૭૩ના રોજ આગ્રા જિલ્લામાં થયું હતું, તેઓ મધ્યયુગીન, પ્રારંભિક આધુનિક અને આધુનિક ભારતના ઈતિહાસમાં નિષ્ણાત ભારતીય ઈતિહાસકાર હતા.

શ્રીવાસ્તવે લખનૌમાં ઈતિહાસનો અભ્યાસ કર્યો જ્યાં તેમણે ૧૯૩૨માં પીએચડી (ફિલોસોફીમાં ડોક્ટર) પૂર્ણ કર્યું, અને આગ્રા અને લખનૌમાં જ્યાં તેમણે ડી. લિટ. (ડોક્ટર ઓફ લેટર્સ, ૧૯૩૮/૧૯૪૫) પ્રાપ્ત કરી, જ્યારે ૧૮મી સદીમાં અવધના ત્રણ પ્રથમ નવાબો પર લખાણો લખ્યા. અંગ્રેજી અને તેમની માતૃભાષા હિન્દી ઉપરાંત, તેમણે ફારસી, દરબાર અને રાજદ્વારીઓની ભાષા અને ઉર્દૂમાં નિપુણતા મેળવી, સાથે સાથે સંસ્કૃત, મરાઠી, રાજસ્થાની અને પંજાબીનું કાર્યકારી જ્ઞાન પણ મેળવ્યું. અરબી સ્રોતો વાંચવા માટે તેમણે મુસ્લિમ મૌલવીઓ પાસેથી સલાહ માંગી.

૧૯૧૭માં, તેમના લગ્ન ફૂલ કુમારી (૧૯૦૪-૧૯૭૩) સાથે થયા; આ દંપતીને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ હતી.

૧૯૨૭માં તેમણે એમ.એ. પાસ કર્યું અને ઉદયપુરની સરકારી કોલેજમાં નોકરી મેળવી. ૧૯૩૨માં તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી. લખનૌ યુનિવર્સિટી દ્વારા (આ ફેકલ્ટીના ઈતિહાસમાં પ્રથમ પીએચ.ડી. ડિગ્રી ધારક). ૧૯૩૪માં તેઓ બિકાનેરની ડુંગર કોલેજના વડા બન્યા, ૧૯૩૮માં તેમને આગ્રા યુનિવર્સિટી દ્વારા ડી. લિટ. તરીકે બઢતી આપવામાં આવી.

૧૯૪૩માં, શ્રીવાસ્તવને લાહોરની ડી.એ.વી. કોલેજમાં ઈતિહાસ વિભાગના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. ૧૯૪૬માં, તેમને લાહોરની પંજાબ યુનિવર્સિટીમાં પ્રોફેસર અને ઈતિહાસ વિભાગના વડા તરીકે વધારાનો હવાલો સોંપવામાં આવ્યો.

## બ્યુટી ટીપ્સ : ગણેશ ચતુર્થી ઉત્સવ ડ્રેસ-અપ

ગણેશ ચતુર્થી ઉત્સવ આદર્શ ડ્રેસ-અપ વિકલ્પોમાં પીળા, લાલ, કેસરી, નારંગી અને લીલા જેવા શુભ રંગોમાં પરંપરાગત વંશીય પોશાકનો સમાવેશ થાય છે.

**મહિલાઓ માટે :** પરંપરાગત પોશાકના વિચારો, ક્લાસિક સિલ્ક અથવા કોટન સાડીઓ (જેમ કે પૈઠણી અથવા બનારસી), ભવ્ય અનારકલી સુટ્સ, પલાઝો સાથે ચિકનકારી કુર્તી અથવા ઉત્સવના લહેંગા પસંદ કરો.

**પુરુષો માટે:** પરંપરાગત કુર્તા પાયજામા, આરામદાયક સુતરાઉ અથવા સિલ્ક ધોતી કુર્તા અથવા નેહરુ જેકેટ (બુંદી) સેટ પસંદ કરો. બાળકો માટે રોલ-પ્લે અને ઉજવણી માટે તેમને વાઈબ્રન્ટ ધોતી-કુર્તા સેટ, નાના લહેંગા અથવા સુંદર બાલ ગણેશ ફેન્સી ડ્રેસ કોસ્ચ્યુમ પહેરાવો.

શુભ રંગો પીળો અને કેસર, સમૃદ્ધિ, ખુશી અને નવી શરૂઆતનું પ્રતીક છે. લાલ, ઊર્જા, શક્તિ અને જુસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે. લીલો વૃદ્ધિ, સંવાદિતા અને નવીકરણ દર્શાવે છે.

**આવશ્યક એસેસરીઝ ઘરેણાં:** તમારા પોશાકને પરંપરાગત ઝુમકા, સ્ટેટમેન્ટ ઈયરિંગ્સ અને કાચ અથવા ધાતુની બંગડીઓ સાથે જોડો. વધારાના ભરતકામવાળી પોટલી બેગ અને આરામદાયક ફૂટવેર અથવા સ્લિપ-ઓન સાથે દેખાવ પૂર્ણ કરો જે લાંબા સમય સુધી ધાર્મિક વિધિઓ અને મંડપની મુલાકાત માટે યોગ્ય છે.

**મેકઅપ : મેકઅપ અને વેશભૂષા :** પરંપરાગત મરાઠી મુલ્ગી લુક માટે મેટ મરૂન લિપ્સ અને બોલ્ડ ભમર સાથે જાસ્મીન ગજરાથી શણગારેલી ક્લાસિક અર્ધચંદ્રાકાર બિંદી અને સુઘડ બન જોડો.

---

### ભારત પર જળસંકટનો ખતરોઃ રિપોર્ટ

# હિમાલય ઝડપથી પીગળવા લાગ્યો, ૮૦ ટકા બરફ પાણી બનવાની ચેતવણી

**મેદાની વિસ્તારોના ઈંટ-ભઠ્ઠાઓમાંથી નીકળતો ધુમાડો બ્લેક કાર્બન તરીકે ગ્લેશિયર પર જમા થાય છે, જેના કારણે બરફ અતિ ઝડપથી ઓગળવા લાગે છે**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૧૫**


હિમાલયના ગ્લેશિયર પીગળવાને લઈને એક અત્યંત ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે, જે સમગ્ર ક્ષેત્ર માટે ગંભીર ચિંતાનો વિષય છે.

રિપોર્ટ મુજબ, એક દાયકા પહેલાની સરખામણીએ હવે હિમાલયના ગ્લેશિયર આશરે ૬૫ ટકા વધુ ઝડપથી પીગળી રહ્યા છે. આ સંશોધન ગ્લોબલ કન્સલ્ટન્સી સિસ્ટેમિક દ્વારા ઈન્ટિગ્રેટેડ માઉન્ટેન ઈનિશિયેટિવ સાથે મળીને કરવામાં આવ્યું છે. જેમાં અન્ય અસંખ્ય સંસ્થાઓએ પણ યોગદાન આપ્યું છે.

આ અહેવાલ એવા સમયે આવ્યો છે જ્યારે નેપાળ અને તિબેટના હિમાલયમાં ભયાનક પૂરની સ્થિતિ સર્જાઈ ચૂકી છે અને હજારો લોકો પ્રભાવિત થયા છે.

શોધમાં ખુલાસો થયો છે કે હિમાલય ક્ષેત્રમાં ભારતની ભૂમિ માત્ર ૧૮ ટકા જ છે, પરંતુ કુદરતી આપત્તિઓનો ૩૫ ટકા હિસ્સો આ જ ક્ષેત્રમાં નોંધાય છે. ભારતીય હિમાલયના જે ક્ષેત્ર પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે, તેનું દેશની જીડીપીમાં ૨૦ ટકા જેટલું મોટું મહત્ત્વ અને યોગદાન છે. આ ગ્લેશિયર ઝડપથી પીગળવા પાછળ ગ્લોબલ વોર્મિંગની સાથે-સાથે 'બ્લેક કાર્બન' સૌથી મોટું કારણ છે. મેદાની વિસ્તારોના ઈંટ-ભઠ્ઠાઓમાંથી નીકળતો ધુમાડો બ્લેક કાર્બન તરીકે ગ્લેશિયર પર જમા થાય છે, જેના કારણે બરફ અતિ ઝડપથી ઓગળવા લાગે છે.

રિપોર્ટમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે આ સદીના મધ્ય સુધીમાં હિમાલય બેસિનની નદીઓમાં પાણીનું સ્તર પોતાના ચરમ પર પહોંચી જશે અને



ત્યારબાદ નદીઓ સૂકાવા લાગશે. એટલું જ નહીં, વર્ષ ૨૧૦૦ સુધીમાં હિન્દુકુશ ક્ષેત્રમાં રહેલા ગ્લેશિયરનો ૮૦ ટકા જથ્થો પાણી બનીને જોખમમાં મુકાઈ જશે. ભારત સરકાર અને સંબંધિત તંત્રએ બ્લેક કાર્બનના ઉત્સર્જનને રોકવા માટે તાત્કાલિક ધોરણે નક્કર પગલાં લેવાની તાતી જરૂર છે, જેથી ભવિષ્યની આ ભયાનક આપત્તિથી બચી શકાય.

---

### ૨૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો

# નકલી પ્રોડક્ટ બનાવતા તત્વો સામે કાર્યવાહીનો વધુ એક મામલો સામે આવ્યો

**અહીં જાણીતા બ્રાન્ડના સ્ટીકર અને ડબ્બાનો ઉપયોગ કરી તેલનું પેકિંગ કરવામાં આવતું હોવાની માહિતી સામે આવી છે**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૧૫**

સુરત જિલ્લામાં નકલી પ્રોડક્ટ બનાવતા તત્વો સામે કાર્યવાહીનો વધુ એક મામલો સામે આવ્યો છે. કામરેજના નવાગામ GIDCમાં ગાંધીનગર CID ક્રાઈમની ટીમે નકલી તેલ બનાવતા શંકાસ્પદ કારખાનાનો પર્દાફાશ કર્યો છે. અહીં જાણીતા બ્રાન્ડના સ્ટીકર અને ડબ્બાનો ઉપયોગ કરી તેલનું પેકિંગ કરવામાં આવતું હોવાની માહિતી સામે આવી છે. સમગ્ર મામલે ૨૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

કામરેજના નવાગામ GIDCમાં ધમધમતા આ શંકાસ્પદ કારખાનામાં નકલી તેલ બનાવવાનો કાળો કારોબાર ચાલતો હોવાનો ખુલાસો થયો છે. કારખાનામાં સન પ્લસ, સૌરાષ્ટ્ર સિંગતેલ, પલ સિંગતેલ સહિતના જાણીતા બ્રાન્ડના સ્ટીકર અને ડબ્બા મળી આવ્યા છે. શંકા છે કે, આ બ્રાન્ડના સ્ટીકર ડબ્બા પર લગાવી તેની અંદર તેલ ભરીને બજારમાં વેચાણ માટે મોકલવામાં આવતું હતું.

ગાંધીનગર CID ક્રાઈમની કાર્યવાહી દરમિયાન તૈયાર તેલ ઉપરાંત તેલ બનાવવા અને પેકિંગમાં ઉપયોગી સાધન-સામગ્રી સહિતનો જથ્થો મળી આવ્યો હતો. સમગ્ર મુદ્દામાલની કિંમત ૨૦ લાખ રૂપિયાથી વધુ હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર કાળો કારોબાર જયેશ હીરપરા નામનો વ્યક્તિ ચલાવતો હોવાની માહિતી સામે આવી છે. નકલી બ્રાન્ડના નામે લોકોના આરોગ્ય સાથે ચેડા કરનારા તત્વો સામે હવે તંત્રએ કાર્યવાહી શરૂ કરી છે. કારખાનામાંથી કબજે કરાયેલા તેલ અને અન્ય સામગ્રીના સેમ્પલ લેવામાં આવ્યા છે કે કેમ, તેમજ આ નકલી તેલ ક્યાં સુધી સપ્લાય થતું હતું તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. હાલ સમગ્ર મામલે



આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. કામરેજના નવાગામ GIDCમાં ઝડપાયેલા આ શંકાસ્પદ કારખાનામાંથી મળી આવેલા તેલ અને સામગ્રીના આધારે તપાસનો દોર આગળ વધારવામાં આવ્યો છે. હવે આ નકલી તેલનું નેટવર્ક કેટલું મોટું છે, તે તપાસમાં સામે આવશે.

ફૂડ સેફ્ટી ઓફિસર, ટી.કે. નાગરે આ અંગે માહિતી આપતા જણાવ્યુ છે કે, ગાંધીનગર સીઆઈડી ક્રાઈમે નવાગામ કામરેજમાં નવકાર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, જયેશભાઈ હીરપરા જે શિવ ટ્રેડિંગ કંપનીથી સિંગતેલની સાથે અન્ય ખાદ્યતેલોનું પેકિંગ અને વેપાર કરતા હતા. જ્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ૨૦ લાખથી વધુનું શંકાસ્પદ તેલ ઝડપી પાડવામાં આવ્યો છે. જેનો પૃથ્થકરણ રિપોર્ટ હાથ ધરવામાં આવશે.

---

# વૌવા ગામમાં વીજળી પડતાં ૩૫ ઘેટાંના ઘટના સ્થળે મોત

### માલધારી પરિવાર પર આફત



**આ અચાનક બનેલી દુર્ઘટનાને કારણે પશુપાલક પરિવારો પર આર્થિક સંકટના વાદળો ઘેરાઈ ગયા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા) **સાબરકાંઠા,તા.૧૫**

પાટણ જિલ્લાના સાંતલપુર પંથકમાં મેઘરાજાના રૌદ્ર સ્વરૂપે એક ગરીબ માલધારી પરિવાર પર મોટો આફતનો પહાડ તૂટી પડવા જેવી સ્થિતિ સર્જાઈ છે. સાંતલપુર તાલુકાના વૌવા ગામમાં મોડી રાત્રે ગાજવીજ અને ભારે વરસાદની વચ્ચે અચાનક આકાશી વીજળી ત્રાટકવાની ઘટના સામે આવી છે.ગામના સીમાડે આવેલા ઘેટાંના વાડા પર આ વીજળી પડવાને કારણે વાડામાં પૂરી રાખવામાં આવેલા કુલ ૩૫ ઘેટાંના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે.આ અચાનક બનેલી દુર્ઘટનાને કારણે પશુપાલક પરિવારો પર આર્થિક સંકટના વાદળો ઘેરાઈ ગયા છે.

સાંતલપુર વિસ્તારમાં ગત મોડી રાત્રે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને આકાશમાં કાળા ડિબાંગ વાદળો સાથે જોરદાર ગાજવીજ અને પવન સાથે વરસાદ શરૂ થયો હતો.આ દરમિયાન વૌવા ગામના માલધારીઓ દ્વારા તેમના ઘેટાંઓને સુરક્ષિત રાખવા માટે બનાવવામાં આવેલા વાડા પર અચાનક વીજળી ત્રાટકી હતી. વીજળી પડવાનો ધડાકો એટલો ભયાનક હતો કે આસપાસનો વિસ્તાર ધ્રૂજી ઉઠ્યો હતો.વીજળીના પ્રચંડ આંચકા અને કરંટને કારણે વાડામાં રહેલા મૂંગા પશુઓને બચવાની કોઈ તક મળી ન હતી.

આ આકાશી આફતમાં બે અલગ-અલગ માલધારી પરિવારોએ પોતાના મૂડીસમાન પશુધનને ગુમાવવું પડ્યું છે.ગ્રામજનોએ જણાવ્યું હતું કે,રબારી વેલાભાઈ સોમાભાઈના વાડામાં રહેલા ૨૧ ઘેટાંના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા છે,જ્યારે રબારી વલ્લભભાઈ કાજળભાઈના ૧૪ ઘેટાં પણ આ વીજળીની ઝપેટમાં આવીને મૃત્યુ પામ્યા છે.એક જ રાત્રે કુલ ૩૫ ઘેટાં મોતને ભેટતા પશુપાલકોની હાલત કફોડી બની ગઈ છે.ઘેટાં જ આ પરિવારોની આજીવિકાનો મુખ્ય આશરો હોવાથી તેઓ બેહાલ થઈ ગયા છે.

ઘટનાની જાણ થતાં જ વૌવા ગામના સરપંચ અને તલાટી કમ મંત્રી દ્વારા ત્વરિતાગતિએ સાંતલપુર તાલુકા વિકાસ અધિકારીને ટેલિફોનિક તેમજ લેખિતમાં આ દુર્ઘટનાની સત્તાવાર જાણ કરવામાં આવી હતી.મામલાની ગંભીરતાને ધ્યાને લઈને વહીવટી તંત્ર પણ હરકતમાં આવ્યું છે અને પશુપાલન વિભાગના ડોક્ટરોની વિશેષ ટીમને તાત્કાલિક ઘટનાસ્થળ પર પહોંચીને મૃત પશુઓનું પેનલ પીએમ અને પંચનામું કરવા માટે સખત સૂચનાઓ આપવામાં આવી છે.ગરીબ માલધારી પરિવારોની આજીવિકાનો એકમાત્ર આધાર છીનવાઈ જવાથી ગ્રામજનોમાં ભારે શોક અને વેદના જોવા મળી રહી છે.

---

### અમદાવાદથી ઉજ્જૈન હવે માત્ર ૬ કલાકમાં!

# સિંહસ્થ પહેલાં ગુજરાત - MP વચ્ચે તૈયાર થઈ જશે સુપરફાસ્ટ એક્સપ્રેસવે

**ગુજરાત અને દેશના અન્ય ભાગોમાંથી મહાકુંભમાં આવતા શ્રદ્ધાળુઓ માટે બાબા મહાકાલની નગરી સુધી પહોંચવું ખૂબ જ સરળ બનશે**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૫**

મધ્ય પ્રદેશના ઉજ્જૈનથી ગુજરાતના અમદાવાદ સુધીનો પ્રવાસ હવે વધુ ઝડપી અને સુવિધાજનક બનવા જઈ રહ્યો છે. ઉજ્જૈનને સીધા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સાથે જોડતા ઉજ્જૈન-ગરોઠ ફોર-લેન સેક્શનનું નિર્માણ કાર્ય પૂરઝડપે ચાલી રહ્યું છે. આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટના પૂર્ણ થવાથી બંને રાજ્યો વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત થશે.હાલમાં ઉજ્જૈનથી અમદાવાદ જવા માટે ઝાબુઆ-દાહોદના જૂના રૂટનો ઉપયોગ કરવો પડે છે, જેની કુલ લંબાઈ આશરે ૪૨૦ કિલોમીટર છે. રસ્તા પરના ટ્રાફિક અને સિંગલ રોડને કારણે આ સફર પૂરી કરવામાં ૯થી ૧૦ કલાકનો સમય લાગતો હતો. પરંતુ ઉજ્જૈન-ગરોઠ હાઈવે બનવાથી તે ગરોઠ પાસે સીધો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સાથે જોડાઈ જશે.

આ નવા એક્સપ્રેસવે પર વાહનોની ગતિ ૧૦૦થી ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેવાથી હવે આ પ્રવાસ માત્ર ૫.૫થી ૬ કલાકમાં જ પૂરો થઈ જશે, જેનાથી મુસાફરોના ૩થી ૪ કલાકની બચત થશે.આ નવા કોરિડોરનો લાભ માત્ર ઉજ્જૈન કે અમદાવાદના મુસાફરોને જ નહીં, પરંતુ મધ્ય પ્રદેશના અન્ય મોટા શહેરોને પણ મળશે. જેમ કે, ઈન્દોર અને દેવાસ ઉજ્જૈન રિંગ રોડ સાથે જોડાયેલા હોવાથી આ બંને શહેરોમાંથી દિલ્હી કે અમદાવાદ જતો ટ્રાફિક પણ આ રૂટનો સરળતાથી ઉપયોગ કરી શકશે.

જ્યારે રતલામ અને મંસૌર જેવા માળવા ક્ષેત્રના જિલ્લાઓના લોકો પણ ગુજરાતના અમદાવાદ અને વડોદરા જેવા પ્રમુખ શહેરો સાથે વધુ મજબૂત રીતે જોડાઈ જશે.આ કોરિડોરના માર્ગમાં આવતા મુખ્ય શહેરો અને વિસ્તારોમાં ઉજ્જૈન, મહિદપુર, ઘટીયા, બડોદ, આલોટ, સુવાસરા, શામગઢ અને ગરોઠનો સમાવેશ થાય છે.આગામી ઉજ્જૈન સિંહસ્થ-૨૦૨૮ના ભવ્ય આયોજનને ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટને અગ્રતા આપવામાં આવી રહી છે.

ગુજરાત અને દેશના અન્ય ભાગોમાંથી મહાકુંભમાં આવતા શ્રદ્ધાળુઓ માટે બાબા મહાકાલની નગરી સુધી પહોંચવું ખૂબ જ સરળ બનશે. ગરોઠ પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સાથે સીધા જોડાણને કારણે બંને તરફથી આવતા લોકોને અવરજવરમાં સુવિધા રહેશે, જેને મધ્ય પ્રદેશ અને ગુજરાત માટે એક ગેમ-ચેંજર પ્રોજેક્ટ માનવામાં આવે છે.નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને કન્સ્ટ્રક્શન એજન્સી દ્વારા આ પ્રોજેક્ટ પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. અંદાજે ૨૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બની રહેલા આ ૧૩૬.૧ કિલોમીટર લાંબા કોરિડોરનું ૯૦ ટકા જેટલું કામ પૂરું થઈ ચૂક્યું છે અને તે પોતાના અંતિમ તબક્કામાં છે. તેના પૂરા થવાથી એમપી-ગુજરાત વચ્ચેની પરિવહન વ્યવસ્થા વધુ ઝડપી અને મજબૂત બનશે.

---

**(પહેલાં પાનાનું ચાલુ)**

**ભાજપનો 'દબદબો':...**

સ્થાનિક એકમોનો સમાવેશ થાય છે. 14 સપ્ટેમ્બરે સાંજે 7 વાગ્યા સુધીના ઉપલબ્ધ આંકડા પ્રમાણે 10,244 વોર્ડમાંથી 10 વોર્ડના પરિણામો બાકી હતા. ભાજપ 4,179 વોર્ડ સાથે પ્રથમ ક્રમે રહ્યું, જ્યારે કોંગ્રેસ 3,613 વોર્ડ સાથે બીજા ક્રમે રહી. અપક્ષ ઉમેદવારોએ પણ 2,273 વોર્ડમાં જીત મેળવી છે. એટલે કે કુલ પરિણામમાં અપક્ષોની ભૂમિકા પણ નોંધપાત્ર રહી છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચેનો તફાવત 566 વોર્ડનો રહ્યો છે, જે બંને પક્ષોની શહેરી રાજકીય સ્થિતિ વચ્ચેનો મહત્વનો ફરક દર્શાવે છે. આ વખતની ચૂંટણીની સરખામણી અગાઉ 2019થી 2021 દરમિયાન યોજાયેલી સ્થાનિક ચૂંટણીઓ સાથે કરવામાં આવી રહી છે. જોકે, સીમાંકન પ્રક્રિયાને કારણે આ વખતે કુલ વોર્ડની સંખ્યામાં મોટો વધારો થયો છે. અગાઉ લગભગ 7,474 વોર્ડ હતા, જ્યારે હવે આ સંખ્યા વધીને 10,244 થઈ છે. એટલે કે રાજ્યમાં 2,770 નવા વોર્ડ ઉમેરાયા અને કુલ વોર્ડની સંખ્યામાં 37.1 ટકાનો વધારો થયો. આ ફેરફારને કારણે માત્ર બેઠકોની સંખ્યા પરથી બંને ચૂંટણીઓની સીધી સરખામણી કરવી મુશ્કેલ બને છે. તેમ છતાં, વોર્ડના કુલ હિસ્સામાં ભાજપનો વધારો અને કોંગ્રેસનો ઘટાડો સ્પષ્ટપણે જોવા મળે છે.અગાઉની સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપે આશરે 2,666 વોર્ડ જીત્યા હતા, જે વધીને હવે 4,179 થયા છે. એટલે ભાજપની બેઠકોમાં 56.8 ટકાનો વધારો થયો છે. બીજી તરફ કોંગ્રેસના વોર્ડ 3,042થી વધીને 3,613 થયા છે, એટલે તેની બેઠકોમાં 18.7 ટકાનો વધારો થયો છે. પરંતુ કુલ વોર્ડના પ્રમાણમાં કોંગ્રેસનો હિસ્સો 40.7 ટકાથી ઘટીને 35.3 ટકા થયો છે. ભાજપનો હિસ્સો 35.7 ટકાથી વધીને 40.8 ટકા થયો છે. અપક્ષોનો હિસ્સો પણ 22.4 ટકાથી થોડો ઘટીને 22.2 ટકા રહ્યો છે. આ આંકડા દર્શાવે છે કે નવા વોર્ડ ઉમેરાયા હોવા છતાં ભાજપે કોંગ્રેસની તુલનામાં વધુ મજબૂત પ્રદર્શન કર્યું છે.ભાજપ અને કોંગ્રેસ સિવાય કેટલાક પ્રાદેશિક પક્ષોએ પણ પોતાની હાજરી નોંધાવી છે.

**ચૂંટણીની સરખામણી અગાઉ ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન યોજાયેલી સ્થાનિક ચૂંટણીઓ સાથે કરવામાં આવી રહી છે**

હનુમાન બેનીવાલની રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (RLP)ના વોર્ડ 14થી વધીને 63 થયા છે, જે 350 ટકાનો ઉછાળો છે. CPI(M)ના વોર્ડ પણ 8થી વધીને 38 થયા છે. બીજી તરફ BSPના વોર્ડ 24થી ઘટીને 19 થયા છે. રાજસ્થાનને પરંપરાગત રીતે 'સ્વિંગ સ્ટેટ' માનવામાં આવે છે અને શહેરી વિસ્તારો ભાજપનો મજબૂત આધાર ગણાય છે. ડિસેમ્બર 2023ની વિધાનસભા ચૂંટણી બાદ સત્તામાં આવેલી ભાજપ સરકાર માટે સ્થાનિક ચૂંટણીના આ પરિણામો સંગઠનાત્મક રીતે પણ મહત્વ ધરાવે છે.

# અતુલ ફાઉન્ડેશન દ્વારા ભગોદ અને મગોદ-ડુંગરી ગામે ઓપીડી સેવા શરૂ કરવામાં આવી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**

અતુલ ફાઉન્ડેશન દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે નજીકના ગામના લોકોને સસ્તી અને સરળતાથી આરોગ્ય સેવા મળી રહે તે હેતુથી ભગોદ અને મગોદ-ડુંગરી ગામમાં ઓપીડી (OPD) સેન્ટર શરૂ કરવામાં આવ્યા.

ગામના તથા આસપાસના વિસ્તારોના લોકાને સામાન્ય બીમારીઓ માટે પ્રાથમિક તબીબી સલાહ અને સારવાર માટે દૂર જવું ન પડે તે માટે નજીવા દરે આ ઓપીડી સેવા શરૂ કરવામાં આવી છે. અતુલ ફાઉન્ડેશન હેલ્થ સેન્ટરનાં ડોક્ટર શ્રી નિયુત શાહે જણાવ્યું હતું કે બીપીએલ કાર્ડધારકો માટે તદ્દન નજીવા દરે મેડીકલ સારવાર મળી રહે તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવશે. ઓપીડી દરમિયાન નિષ્ણાંત તબીબ દ્વારા દર્દીઓની તપાસ, જરૂરી માર્ગદર્શન તથા દવાઓ અંગે સલાહ આપવામાં આવશે. જો દર્દીને વધુ સારવારની જરૂર જણાય તો અતુલ ગામમાં બનાવવામાં આવેલ અત્યાધુનિક સગવડોથી સજ્જ અતુલ ફાઉન્ડેશન હેલ્થ સેન્ટર ખાતે ખસેડવામાં આવશે.

અતુલ કંપનીનાં જનરલ મેનેજર શ્રી ગૌતમ દેસાઈએ જણાવ્યું હતું કે, 'ગામડાના લોકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા સરળતાથી અને નજીવા ખર્ચે મળી રહે તે અમારી સામાજિક જવાબદારીનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ સેવાનો વધુમાં વધુ લોકો લાભ લે તે અમારો ઉદ્દેશ છે.

આ પહેલથી ગામના લોકામાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધશે તેમજ સમયસર તબીબી સલાહ અને સારવાર ઉપલબ્ધ બનશે. જરૂરિયાતમંદ અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને પણ આ સેવાનો વિશેષ લાભ મળશે.

(૧) ઓપીડી સ્થળ: ભગોદ ગ્રામપંચાયત ઓફિસની બાજુમાં સેવાનો દિવસ અને સમય: મંગળવાર અને શુક્રવાર સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ (૨) ઓપીડી સ્થળ:મગોદ-ડુંગરી માછી સમાજનાં દવાખાનામાં સેવાનો દિવસ અને સમય : મંગળવાર અને શુક્રવાર ૧૧.૦૦ થી ૧.૦૦

અતુલ ફાઉન્ડેશન દ્વારા ગામના લોકો તથા આસપાસના વિસ્તારના નાગરિકોને આ આરોગ્ય સેવાઓનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### ગુજરાતની ન્યાયપ્રણાલીના ઇતિહાસમાં એક અત્યંત ઝડપી અને ઐતિહાસિક ચુકાદો

# ચાર્જશીટના ૪૮ કલાકમાં જ સુનાવણી પૂર્ણ, આરોપીને ૨૦ વર્ષની જેલ

**કલોલની સેશન્સ કોર્ટે ૧૫ કલાકમાં જ પોક્સો કેસની ટ્રાયલ પૂર્ણ કરી, પીડિતાને ૨ લાખનું વળતર મંજૂર**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૧૫**

ગુજરાતની ન્યાયપ્રણાલીના ઈતિહાસમાં એક અત્યંત ઝડપી અને ઐતિહાસિક ચુકાદો સામે આવ્યો છે. કલોલની સેશન્સ કોર્ટે ચાર્જશીટ રજૂ થયાના માત્ર ૪૮ કલાકની અંદર અને પ્રત્યક્ષ કોર્ટ કામગીરીના ગણતરીના ૧૫ કલાકમાં પોક્સો કેસનો તમામ કાનૂની તબક્કો પૂર્ણ કરી આરોપીને દોષિત ઠેરવ્યો છે. ત્રીજા સેશન્સ જજ બી. આર. રાજપૂતની અદાલતે આ સત્વરે સુનાવણી બાદ આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૨ લાખના દંડની સજા સંભળાવી છે.આ કેસની વિગત મુજબ, મૂળ બિહારના અરરિયા જિલ્લાનો અને હાલ કલોલના સાંતેજ-વડસર રોડ પર સ્થિત જેડીએસ કાસ્ટઈંગ કંપનીમાં રહેતો ગુફરાન મોજાહિદ પઠાણ નામનો યુવક એક સગીરાને લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી લઈ ગયો હતો. ત્યારબાદ લગ્નની લાલચ આપી અપહરણ કરી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે સાંતેજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. કેસ અદાલતમાં પહોંચતાં જ સરકારી વકીલ જિગ્નેશ એચ. જોષીએ ત્વરિત કાર્યવાહી કરી માત્ર એક દિવસમાં તમામ મહત્વના સાક્ષીઓની જુબાની નોંધાવી દલીલો રજૂ કરી હતી. મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓની ચકાસણીના આધારે અદાલતે ચુકાદો આપ્યો હતો.ચુકાદો આપતાં કોર્ટે મહત્વપૂર્ણ અવલોકન કર્યુ હતું કે કાયદાનો મુખ્ય હેતુ બાળકો ભયમુક્ત વાતાવરણમાં ઉછરીને જવાબદાર નાગરિક બને તે સુનિશ્ચિત કરવાનો છે. જો માસૂમો પર અત્યાચાર ચાલુ રહેશે તો તંદુરસ્ત સમાજની કલ્પના શક્ય નથી.

# વલસાડ જિલ્લા મુખ્ય રસ્તા, બિલ્ડિંગની આગળ-પાછળ, પાર્કિંગ તેમજ એન્ટ્રી-એક્ઝિટ પર સીસીટીવી કેમેરા લગાવવા જિલ્લા મેજિસ્ટ્રેટનો હુકમ

**સીસીટીવી ફૂટેજના આધારે ગુનેગારોને પકડવામાં અને ગુનાઓ ડીટેક્ટ કરવામાં સફળતા મળી: લોકાના જાનમાલના રક્ષણ અને કાયદો વ્યવસ્થા સુદૃઢ બને તેમજ ગુનાઓ બનતા અટકાવવા સીસીટીવી કેમેરા ખુબ જ ઉપયોગી**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**

વલસાડ જિલ્લો તથા કેન્દ્ર શાસિત સંઘપ્રદેશ દમણ અને સેલવાસ ખાતે કેમિકલ્સ, ગારમેન્ટ, પ્લાસ્ટિક, ફાર્માસ્યુટીકલ, પેપર અને જંતુનાશક દવા વિગેરેનું ઉત્પાદન કરતા નાના-મોટા ઔધોગિક એકમો આવેલા છે તેની સાથે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય પણ વિકાસ પામ્યો છે. જેના કારણે વલસાડ જિલ્લામાં પરપ્રાંતીય લોકોની સંખ્યા ખુબ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે.

ભૂતકાળમાં વલસાડ જિલ્લામાં જિલ્લા પોલીસ દ્વારા બનેલા મિલકત અને શરીર સબંધી ગુનાઓમાં રાજય બહારની ગેંગ અને ગુનેગારોની ધરપકડ કરી ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. આ તમામ પ્રકારના મિલકત સંબંધી અને શરીર સબંધી ગુનાની તપાસ દરમિયાન સ્થાનિક પોલીસ, લોકલ કાઈમ બ્રાંચ, સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ તથા અન્ય શાખા/સ્કવોડ દ્વારા વલસાડ જિલ્લામાં પોલીસ વિભાગ, રેલ્વે વિભાગ, જુદા-જુદા સરકારી વિભાગ, ખાનગી વ્યક્તિ કે સંસ્થા દ્વારા લગાડવામાં આવેલા સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજનો અભ્યાસ કરી ગુનામાં સંડોવાયેલ વ્યક્તિના ફોટોગ્રાફસ અને ગુનામાં ઉપયોગમાં લીધેલા વાહનના પ્રકાર અને વાહનના નંબર, ગુનાની મોડસ ઓપરેન્ડીના આધારે જુદી-જુદી ગેંગ કે ગુનેગારની ઓળખ કરી ગુનાઓ ડીટેકટ કરવામાં આવ્યા છે. આમ સી.સી.ટી.વી. કેમેરા ગુનાની તપાસ તથા ગુના શોધવા ખુબ જ ઉપયોગી છે.

સી.સી.ટી.વી. કેમેરા ટ્રાફીક નિયમન અને રોડ અકસ્માત સબંધી ગુનાઓ શોધવામાં ખુબ જ મદદરૂપ થાય છે. રહેણાંક વિસ્તાર, સોસાયટી, બિલ્ડીંગ, શાળા કોલેજ અને શૈક્ષણિક સંસ્થા વિગેરેમાં સિનિયર સિટીઝન, મહિલા, બાળકો અને વિદ્યાર્થીઓ અને લોકોની સુરક્ષા માટે સી.સી.ટી.વી. ખુબ જ ઉપયોગી થઈ શકે તેમ છે. જુદી-જુદી બેન્કો, નાણાંકીય સંસ્થા, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, ફુડ ઝોન, કોમર્શિયલ બિલ્ડીંગ, શોપિંગ મોલ, શૈક્ષણિક સંસ્થાઓ, જવેલરી શોપ, શો-રૂમ, પાર્કિંગ પ્લોટ, પાર્ટી પ્લોટ, લગ્ન હોલ, ખાનગી મનોરંજનના સ્થળ વિગેરે સી.સી.ટી.વી. કેમેરા દ્વારા લોકોના માલ મિલકત ઉપર દેખરેખ રાખી નુકસાન થતું અટકાવી શકાય તેમજ ગુનાહિત પ્રવૃત્તિ ઉપર વોચ રાખી શકાય છે. આમ, વલસાડ જિલ્લામાં લોકોના જાનમાલના રક્ષણ અને કાયદો વ્યવસ્થા સુદ્રઢ બને તેમજ ગુના બનતા અટકાવવા તથા ગુના શોધવા માટે સી.સી.ટી.વી. કેમેરા ખુબ જ ઉપયોગી છે. જેથી નીચે જણાવેલી જગ્યા ઉપર જરૂરીયાત મુજબ એન્ટ્રી, એક્ઝીટ, આવવા જવાના રસ્તા, પાર્કિંગ, મકાન/બિલ્ડીંગના આગળ-પાછળ અને બંને સાઈડ તરફ મુખ્ય રોડ રસ્તા કવર કરે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

જિલ્લામાં બનતા મિલકત અને શરીર સબંધી ગુનાઓ અટકાવવા તેમજ બનેલા ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસને મદદરૂપ થાય તે હેતુ માટે તેમજ જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી નીતિન સાંગવાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની ક્લમ-૧૬૩થી મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલા પ્રિમાઈસીસ સ્થળે સી.સી.ટી.વી. કેમેરા (વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કાર્યરત કરવા હુકમ કર્યો છે.

(૧) સમગ્ર વલસાડ જિલ્લામાં શાળા, કોલેજ અન્ય શૈક્ષણિક સંસ્થા તથા એજયુકેશન સાથે જોડાયેલી-સંસ્થાઓ.(૨) હોટલ, રેસ્ટોરન્ટ, ફુડ ઝોન, પેટ્રોલપંપ, ગેસ ફીલીંગ સ્ટેશન.(૩) શોપિંગ મોલ, શોપિંગ કોમ્પલેક્ષ, કોમર્શિયલ બિલ્ડીંગ (૪) બેન્કો, આંગડીયા પેઢી, ફાયનાન્સ ઓફીસ/પેઢી (૫) ટ્રાવેલ્સ એજન્સી, ટ્રાન્સપોર્ટ ઓફીસ, કુરીયર ઓફીસ (૬) વાહનના શો-રૂમ, જવેલરી શોપ, મોબાઈલ શોપ, ઈલેક્ટ્રોનીકસ શો-રૂમ (૭) ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, વેર હાઉસ, મોટા કદના ગોડાઉન (૮) હોસ્પિટલ, લેબોરેટરીઝ, દવાખાના (૯) મોટા શાકભાજી માર્કેટ/માર્કેટીંગ યાર્ડ (૧૦) હાઈરાઈઝ/લો-રાઈઝ બિલ્ડીંગ, ક્લબ હાઉસ, (૧૧) મોટા કદના ઔદ્યોગિક એકમ (૧૨) રેલવે સ્ટેશન, બસ સ્ટેશન વિગેરે જગ્યાએ આવેલા ખાનગી પે એન્ડ પાર્કિંગ (૧૩) ધાર્મિક સ્થળ તથા ખાનગી મનોરંજન સ્થળ જેવા કે, સિનેમા, જીમ, વોટર પાર્ક, સ્વીમીંગ પુલ, ગેમ ઝોન, રમત-ગમતના સ્થળ.

આ હુકમ તા.૦૮/૧૧/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ના મુજબ સજા/દંડ થઈ શકશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવ્યા છે.

### ૨૦ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા

# ભાદરવી પૂનમના મહામેળા અર્થે અંબાજીમાં ૧૦૦૦ ઘાણ દ્વારા મોહનથાળનો પ્રસાદ બનશે



(સંપૂર્ણ સમાચાર સેવા)
**પાલનપુર, તા.૧૫**

**શાસ્ત્રોક્તવિધિ મુજબ હોમ-હવન કરીને નિર્વિઘ્ને અને શુદ્ધતાપૂર્વક પ્રસાદ નિર્માણ કાર્ય શરૂ કરાયું**

શક્તિપીઠ અંબાજી ખાતે આગામી ૨૦ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા ભાદરવી પૂનમ મહામેળામાં ગુજરાત સહિત દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ અંબાજી દર્શનાર્થે આવતા હોય છે. શ્રદ્ધાળુઓમાં માતાજીના પ્રિય મોહનથાળ પ્રસાદનું વિશેષ મહત્વ રહેલું છે. મેળાના પ્રારંભ પૂર્વે આજે ગણેશ ચતુર્થીએ અંબાજી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કેમ્પસમાં વિશેષ ડોમ બનાવીને મોહનથાળ પ્રસાદ બનાવવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. શાસ્ત્રોક્તવિધિ મુજબ હોમ-હવન કરીને નિર્વિઘ્ને અને શુદ્ધતાપૂર્વક પ્રસાદ નિર્માણ કાર્ય શરૂ કરાયું હતું. આ વર્ષે પ્રસાદ નિર્માણનો પ્રારંભ 'નારી શક્તિ'ના હસ્તે કરાવવામાં આવ્યો હતો, જેમાં ડીએફઓ, પ્રાંત અધિકારીઓ સહિતના મહિલા અધિકારીઓ અને અંબાજીના મહિલા સફાઈ યોદ્ધાઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.મહામેળા દરમિયાન અંદાજે ૪૦ લાખ જેટલા મોહનથાળ પ્રસાદના પેકેટ તૈયાર કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. જેના માટે આખા મેળા દરમિયાન ૧૦૦૦ જેટલા ઘાણ વપરાશે. પ્રસાદની ગુણવત્તા, સ્વચ્છતા અને સુરક્ષા બાબતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ કાળજી રાખવામાં આવી રહી છે.મોહનથાળના એક ઘાણમાં ૧૦૦ કિલો ખાંડ, ૨૦૦ કિલો બેસન, ૭૬.૫ કિલોથી વધુ શુદ્ધ દેશી ઘી અને ૨૦૦ ગ્રામ ઈલાયચીનો ઉપયોગ કરવામાં આવે છે.

પ્રસાદ લાંબા સમય સુધી સારો અને ગુણવત્તાયુક્ત ટકી રહે તે માટે તેમાં દૂધનો ઉપયોગ કરવામાં આવતો નથી અને ઘીનો વિશેષ ઉપયોગ કરી તેની શુદ્ધતા અકબંધ રાખવામાં આવે છે.

# કોષ પ્રાથમિક શાળા ખાતે સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની કારોબારી સભા યોજાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૧૫**

અંબિકા તાલુકાની કોષ પ્રાથમિક શાળા ખાતે સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની કારોબારી સભા સંગઠન પ્રમુખ શ્રી બળદેવભાઈ પટેલનાં અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી.

આ કારોબારી સભામાં સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પૂર્વ પ્રમુખ શ્રી કિરીટભાઈ પટેલ, મહામંત્રી શ્રી અરવિંદભાઈ ચૌધરી, શ્રી પ્રફુલભાઈ, શ્રી બળવંતભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. તદ્ઉપરાંત જિલ્લા શિક્ષક સંઘનાં સિનિયર કાર્યવાહક પ્રમુખ શ્રી ભૂપેશભાઈ ચૌધરી, શ્રી આશિષભાઈ મૈસુરિયા, કાર્યવાહક પ્રમુખ શ્રી ઈમરાનખાન પઠાણ, શ્રી નરેશકુમાર પટેલ, શ્રી ચેતનભાઈ મેસિયા, શ્રી રસિકકુમાર ચૌધરી, શ્રી રાકેશભાઈ ચૌધરી, શ્રી અરવિંદભાઈ ગામીત, શ્રી મુકેશભાઈ સાખીયા, શ્રીમતી રીના રોઝલીન, શ્રીમતી રંજનબેન ચૌધરી સહિત દરેક તાલુકા ઘટક સંઘનાં પ્રમુખ, મંત્રીઓ તથા કારોબારી સભ્યો હાજર રહ્યા હતાં.

સભાની શરૂઆત શ્રદ્ધાંજલિ દર્શક ઠરાવથી કરવામાં આવી હતી. સંઘનાં મહામંત્રી શ્રી બિપીનભાઈ પટેલે ગત સભાનું પ્રોસિડીંગ વાંચનમાં લીધુ હતું. ત્યારબાદ સંઘનાં વિવિધ હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં રાજ્ય પ્રતિનિધિ તરીકે શ્રી અનિલભાઈ ચૌધરી, શિક્ષક જ્યોત કલ્યાણ નિધિનાં મંત્રી તરીકે શ્રી હર્ષદભાઈ ચૌહાણ, શિક્ષક જ્યોત સંપાદક મંત્રી તરીકે શ્રી ધર્મેશભાઈ પટેલ, જિલ્લાનાં સિનિયર પ્રચાર-પ્રસાર મંત્રી તરીકે શ્રી વિજયભાઈ પટેલ, સહ પ્રચાર-પ્રસાર મંત્રી તરીકે શ્રી બાબુભાઈ ચૌધરી, શ્રી ઈશ્વરભાઈ ચૌધરી અને શ્રી હિરૂભાઈ ચૌધરી, સોશિયલ મીડિયા કન્વીનર તરીકે શ્રી જૈમીનભાઈ પટેલ, જિલ્લા સંગઠન મંત્રી તરીકે શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી મહેશભાઈ સોલંકી, શ્રી નિલેશભાઈ ચૌધરી, શ્રી કેતનભાઈ સોલંકી અને શ્રી દિનેશભાઈ સોલંકીની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ સ્થાનેથી શ્રી બળદેવભાઈ પટેલે ગાંધીનગર મુકામે મળેલ સંકલન સભાનાં એજન્ડાની વિગતવાર ચર્ચા હાથ ધરી હતી.

તદ્ઉપરાંત અન્ય પડતર પ્રશ્નો બાબતે પરસ્પર ચર્ચા કરવામાં આવી હતી. અંતમાં આભારવિધિ શ્રી પ્રફુલભાઈ પટેલે આટોપી હતી.

# વલસાડ જિલ્લામાં હોટલ-લોજ સહિતના રોકાણ સ્થળોએ મુસાફરોની ઓનલાઈન એન્ટ્રી 'PATHIK' સોફ્ટવેરમાં ફરજિયાત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૫**

વલસાડ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, શાંતિ તથા સલામતી જળવાઈ રહે તે હેતુસર જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી નીતિન સાંગવાન દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામાં મુજબ વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં પ્રવાસીઓને રહેવાની સુવિધા પૂરી પાડતી તમામ સ્થાનિક હોટલ, લોજ, બોડિંગ, ધર્મશાળા તથા મુસાફરખાનાના સંચાલકોએ ગ્રાહકોની રજિસ્ટર એન્ટ્રી માટે પોતાના રિસેપ્શન કાઉન્ટર પર ઈન્ટરનેટ કનેક્ટિવિટી સાથેનું કોમ્પ્યુટર રાખવાનું રહેશે.

ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ ÒPATHIKÓ (Program for Analysis of Traveler and Hotel Informatics) સોફ્ટવેરમાં મુસાફરોની એન્ટ્રી કરવી ફરજિયાત રહેશે. મેન્યુઅલ રજિસ્ટરમાં થતી તમામ એન્ટ્રીઓ પણ 'PATHIK' એપમાં ફરજિયાતપણે ઓનલાઈન કરવાની રહેશે.

જાહેરનામામાં જણાવ્યા મુજબ, વલસાડ જિલ્લાની ભૌગોલિક સ્થિતિ, નેશનલ હાઈવે નં.૪૮, પ્રવાસન સ્થળો તથા નાના-મોટા ઔદ્યોગિક એકમોના કારણે દેશ-વિદેશ તથા રાજ્ય બહારથી અને ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી લોકો પ્રવાસ તેમજ કામકાજ અર્થે જિલ્લામાં આવતા હોય છે અને હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા તથા લોજ જેવી જગ્યાઓએ ટૂંકા સમય માટે રોકાતા હોય છે. આવી સ્થિતિમાં કેટલીક વખત ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઈસમો ખોટા નામના ઓળખ પુરાવા અથવા મોબાઈલ નંબરના આધારે રોકાણ કરી ગુનાહિત પ્રવૃત્તિ આચરી શકે છે.

આ ઉપરાંત ભૂતકાળમાં બનેલા બનાવોની તપાસ દરમિયાન કેટલીક વખત નાગરિકો, વેપારીઓ વગેરેની આડમાં આતંકવાદી કે અસામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઈસમો રોકાણ કરી આસપાસના વિસ્તારોમાં ભીડભાડવાળી જગ્યાઓ, મોટી હોસ્પિટલો, ઔદ્યોગિક એકમો, સરકારી કચેરીઓ તથા અતિ સંવેદનશીલ સ્થળોની રેકી કરતા હોવાનું પણ સામે આવ્યું હોવાનું જાહેરનામામાં જણાવાયું છે.

ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરાયેલ 'PATHIK' સોફ્ટવેરમાં હોટલ, લોજ વગેરેમાં આવતા મુસાફરોની ઓનલાઈન એન્ટ્રી કરવાની રહે છે. વલસાડ જિલ્લામાં આ સોફ્ટવેર કાર્યરત છે અને તેનું નિયંત્રણ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, વલસાડ દ્વારા કરવામાં આવી રહ્યું છે. હોટલ, લોજ, બોંડિંગ, ધર્મશાળા તથા મુસાફરોને ટૂંકા સમય માટે આશરો આપતા તમામ એકમોએ આ સોફ્ટવેરમાં ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.

સંબંધિત હોટલ અથવા એકમના સંચાલકોએ સૌપ્રથમ એસ.ઓ.જી.શાખા, વલસાડ/વાપી ખાતેની કચેરીનો સંપર્ક કરી પોતાની હોટલ અથવા એકમને 'PATHIK' સોફ્ટવેરમાં રજિસ્ટર કરાવવાનું રહેશે તથા યુઝર આઈ.ડી. અને પાસવર્ડ મેળવવાના રહેશે. ત્યારબાદ જ તેઓ સોફ્ટવેરમાં મુસાફરોની એન્ટ્રી કરી શકશે. આ જાહેરનામું તા.૦૮/૧૧/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ
## તંત્રી લેખ

### આર્થિક વ્યવસ્થાને ખોરવી રહેલા

# ક્રૂડતેલના બેલગામ ભાવોની અસરને હળવી કરવાનો ઉપાય તત્કાલ કરવો પડશે

**અ**મેરિકા અને ઈરાન વચ્ચેની દુશ્મની ક્યારેક શાંતિની આશા તો ક્યારેક જંગના ભડકાના માહોલે દુનિયાનાં અર્થતંત્રો પર મોટી અસર કરી છે. ક્રૂડતેલના ભાવોમાં સતત વધઘટની ભારત પર પણ અસર વર્તાઈ રહી છે. તાજેતરમાં ઈરાન અને અમેરિકાએ એકમેક પર હુમલા વધારી દેતા ક્રૂડના ભાવ બેરલે ૧૦૦ ડોલરને પાર થઈ જતાં ભારતીય બજારથી માંડીને સામાન્ય માનવીની રસોઈ સુધી બોજો વધ્યો છે. ક્રૂડના ભાવ વધારાના પડકારને પહોંચી વળવા સરકારથી માંડીને સમાન્ય નાગરિકો સુધી સૌએ હવે કમર કસવી પડશે.




અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લે એપ્રિલથી જૂન વચ્ચેના ત્રિમાસિક સમયગાળા દરમ્યાન ભારતે ૭.૮ ટકાનો ઉત્સાહજનક વિકાસ દર હાંસલ કરીને પોતાની આર્થિક તાકાતનો વિશ્વને પરચો કરાવી દીધો છે, પણ ભારતને તેની ઊર્જા જરૂરતો માટે જે રીતે ક્રૂડ તેલ પર આધારિત રહેવું પડે છે તેના ભાવોથી આર્થિક વિકાસનો આનંદ કડવો બની રહ્યો છે. સીધી અને સ્પષ્ટ વાત છે કે, કોઈ પણ અર્થતંત્રના વિકાસ આડે મોંઘવારીના સમીકરણ ચાવીરૂપ બની રહેતાં હોય છે, તેમાં ક્રૂડ તેલના ભાવોમાં આ ઉછાળો તમામ સ્તરે મોંઘવારીનું કારણ બની જાય છે. પેટ્રોલ અને ડીઝલનો વપરાશ માત્ર વાહનોનાં સંચલાન માટે ઉપયોગમાં હોય છે એમ હોતું નથી. વાહનોનું ઈંધણ મોંઘું થાય એટલે માલસામાનનું પરિવહન પણ મોંઘું થાય. સાથોસાથ ઉત્પાદન ખર્ચ પણ વધી જાય છે. કૃષિથી માંડીને બાંધકામ સહિતનાં ક્ષેત્રોમાં પેટ્રોલિયમ પેદાશો ચાવીરૂપ હોય છે. આવામાં ક્રૂડના ભાવો વધવાથી તેની તમામ ક્ષેત્ર પર અસર વર્તાતી હોય છે. આમે ક્રૂડતેલની આયાતનો બોજો અર્થતંત્ર પર હદ બહાર રહેતો આવ્યો છે. આવામાં તેની કિંમત વધતાં આ બિલનો બોજ પણ વધી જતો હોય છે. વધુ મોંઘી આયાત એટલે વધુ ડોલરના ખર્ચ સરવાળે દેશના વિદેશી હુંડિયામણના ભંડાર પર પણ તેની અસર પડે છે. રૂપિયો નબળો પડે, તો બીજી આયાતો પણ મોંઘી થઈ જાય. આમ, ક્રૂડના વધતા ભાવોનું વિષચક્ર આર્થિક વ્યવસ્થાને ખોરવી નાખે તેમ છે. આવા સંજોગોમાં દેશનાં અર્થતંત્રની ખરી કસોટી થશે એ નક્કી છે. એક તરફ ભાવોને કાબૂમાં રાખવા કોઈ પણ હિસાબે ઈંધણના ભાવો વધે નહીં એની ચિંતા સરકારે કરવાની રહેશે. સાથોસાથ ઈંધણના વિકલ્પો શોધવાની મહેનતને વધારવાની પણ હવે તાતી જરૂર છે. ક્રૂડ આધારિત ઈંધણનાં સ્થાને વીજ આધારિત વાહનો અને અન્ય વિકલ્પોને પ્રચલિત કરવા પર સરકારે હવે સતત ધ્યાન આપવાનીજરૂરત છે. દેશે ભારે મુશ્કેલી સાથે ૭.૮ ટકાનો વિકાસ દર હાંસલ કર્યો હોવાની જાહેરાત કરાઈ છે ત્યારે તેને જાળવી રાખવા વૈકલ્પિક ઈંધણના વપરાશને વધારીને ક્રૂડતેલના બેલગામ ભાવોની અસરને હળવી કરવાનો ઉપાય તત્કાલ કરવો પડશે. આ પડકારનો એક માત્ર ઉકેલ ક્રૂડ પરનું અવલંબન ઘટાડાનો છે એ સમજી લેવાની ખાસ જરૂરત છે.

# એઆઈ બ્રેસ્ટ કેન્સરના જોખમની આગાહી પાંચ વર્ષ પહેલા જ કરશે

**ન્યૂ યોર્ક યુનિવર્સિટીએ એઆઈ ટૂલ ડેવલપ કર્યુ : આ મોડલ સમય સાથે બ્રેસ્ટ ટિશ્યુમાં થતા સૂક્ષ્મ ફેરફારોને ટ્રેક કરે છે : ખર્ચાળ ટેસ્ટમાંથી મુક્તિ મળશે**

**મ**હિલાઓમાં બ્રેસ્ટ કેન્સરના પ્રારંભિક નિદાનઅનેસારવારક્ષેત્રેએકઆશાસ્પદસફળતા મળી છે. ન્યૂ યોર્ક યુનિવસટી અને તેના પર્લમટર કેન્સર સેન્ટરના સંશોધકોએ એક નવું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ટૂલ વિકસાવ્યું છે. આ ટૂલ મહિલાઓના જૂના અને તાજેતરના૩ડીમેમોગ્રામસ્કેનનુંવિશ્લેષણકરીને આગામી ૫ વર્ષમાં બ્રેસ્ટ કેન્સર થવાના જોખમની સચોટ આગાહી કરી શકે છે. પ્રસિદ્ધ તબીબી જર્નલઅમેરિકનજર્નલઓફરોએન્ટજેનોલોજીમાં પ્રકાશિત આ સ્ટડી દર્શાવે છે કે, દર્દીના ક્રમિક લોન્ગીટુડીનલ ૩ડી મેમોગ્રામ સ્કેનનું મૂલ્યાંકન કરતી આ નવી સિસ્ટમ સિંગલ મેમોગ્રામ કે પરંપરાગતકેલ્ક્યુલેટરપદ્ધતિઓકરતાંવધુસચોટ પરિણામ આપે છે. એનવાયયુ-ડીઆરપી નામનું આડીપ-લર્નિંગએઆઈમોડલ૨૦૧૬થી૨૦૨૦ વચ્ચે ૧,૬૧,૧૬૫ મહિલાઓના ૩,૧૩,૫૩૧ વાર્ષિક૩ડીમેમોગ્રામનાડેટાબેઝનાઆધારેતૈયાર કરવામાં આવ્યું છે. પરંપરાગત ટૂલ્સ માત્ર દર્દીની ઉંમર, જનીનિક હિસ્ટ્રી કે ફેમિલી હિસ્ટ્રી પર આધાર રાખે છે. જ્યારે, આ એઆઈ મોડલ સમય સાથે બ્રેસ્ટ ટિશ્યુમાં થતા સૂક્ષ્મ ફેરફારોને ટ્રેક કરે છે. આ રિસર્ચમાં ટિશ્યુ ડેન્સિટીને લઈને પણ મહત્ત્વની માહિતી સામે આવી છે. અત્યાર સુધી એવું માનવામાં આવતું કે, વધુ ડેન્સિટી ધરાવતી મહિલાઓમાં કેન્સરનું જોખમ હંમેશા ઊંચું હોય છે. પરંતુ, એઆઈએ આ નિયમને ખોટો ગણાવ્યો હતો. આ ટેકનોલોજીની મદદથી ડોકટરો વાસ્તવિક જોખમના આધારે આગળના ટેસ્ટ સૂચવી શકશે. જેથી બિનજરૂરી અને ખર્ચાળ ટેસ્ટમાંથી મુક્તિ મળશે.

(સંપૂર્ણ સમાચાર સેવા)

### આઈઆઈટીની આધુનિક શોધ

# હવામાં પક્ષીની જેમ વિમાનના પાંખિયા આકાર બદલશે

**હવાના ફ્લોમાં જ્યારે અચાનક ફેરફાર થાય છે ત્યારે વિમાનની ઉડાન પર અસર થાય છે. જેને એરોડાયનેમિક સ્ટાલ તરીકે પણ ઓળખવામાં આવે છે**

આઈઆઈટી મદ્રાસ દ્વારા ઉડ્ડયન ક્ષેત્રે એક મોટી સફળતા પ્રાપ્ત કરવામાં આવી છે. આઈઆઈટીએ બે દસકાના સંશોધન બાદ વિમાન માટે ફ્લેક્સિબલ પાંખિયા તૈયાર કર્યા છે. જે પહાડો જેવા વિસ્તારોમાં વિમાનોને ઉડવામાં વધુ મદદરૂપ થશે અને અકસ્માતો ટાળી શકાશે. પક્ષીઓની પાંખો પરથી પ્રેરણા લઈને વિમાનના આ પાંખિયા તૈયાર કરાયા છે.પક્ષીઓ આકાશમાં ઉડતા હોય ત્યારે પોતાની અનુકુળતા મુજબ પોતાની પાંખોને વાળી લેતા હોય છે. તેનાથી પ્રેરણા લઈને વિમાનના એવા પાંખિયા તૈયાર કરવામાં આવ્યા છે કે જેનાથી હવાનો ફ્લો મુક્ત રીતે વહી શકે અને વિમાનને પણ કોઈ અવરોધ ઉભો ના થાય, ખાસ કરીને સંકટની સ્થિતિમાં આ પાંખિયા મદદરૂપ માનવામાં આવે છે.જેને મોર્ફિંગ સ્કિન તરીકે પણ ઓળખવામાં આવે છે. હવાના ફ્લોમાં જ્યારે અચાનક ફેરફાર થાય છે ત્યારે વિમાનની ઉડાન પર અસર થાય છે. જેને એરોડાયનેમિક સ્ટાલ તરીકે પણ ઓળખવામાં આવે છે. આવી સ્થિતિમાં વિમાન અસંતુલિત થવાની ભીતી રહે છે.એરોડાયનેમિક સ્ટાલ એ ગંભીર સ્થિતિ છે કે જ્યારે વિમાનના પાંખિયાથી હવાનો પ્રવાહ એટલે કે એરફ્લો અલગ થઈ જાય છે. પરિણામે વિમાનને ઉપર ઉઠાવવાની જે તાકાત હોય છે તે અચાનક જ ઘટવા લાગે છે. સાથે જ હવાનો પ્રતિરોધ વધી જાય છે. એવામાં વિમાન પોતાનું સંતુલન ખોઈને નીચે પડવાની ભીતિ રહે છે. આ જોખમ સામે પહોંચી વળવા માટે જ આઈઆઈટી મદ્રાસ દ્વારા બહારના પાંખિયા માટે એસેમ્બલી એટેચમેન્ટ (મોર્ફિંગ સ્કિન) તૈયાર કરી છે જે ખુદને હવાના પ્રવાહ મુજબ ઢાળી શકશે. તેનાથી વિમાનના નીચે પડવાની શક્યતાઓ નહીવત થઈ જશે. હાલ આ ટેક્નોલોજીની પેટન્ટ પણ કરાવી લેવામાં આવી છે અને તે ઉપયોગમાં લેવા માટે તૈયાર છે.

(સંપૂર્ણ સમાચાર સેવા)

# ભગવાન શ્રી ગણેશના આઠ અવતારોની ધાર્મિક અને આધ્યાત્મિક પૃષ્ઠભૂમિ

**સ**નાતન ધર્મમાં ભગવાન શ્રી ગણેશજીને સર્વપ્રથમ પૂજનીય, વિઘ્નહર્તા, બુદ્ધિદાતા અને મંગલમૂર્તિ તરીકે સ્થાન પ્રાપ્ત છે. મોટાભાગે સંસાર ભગવાન ગણેશજીના બાળરૂપ, એકદંત સ્વરૂપ અથવા ગજાનન રૂપની જ પૂજા-અર્ચના કરે છે પરંતુ પૌરાણિક સાહિત્યમાં વિશેષ કરીને 'મુદ્ગલ પુરાણ' અને 'ગણેશ પુરાણ'માં ભગવાન શ્રી ગણેશના વિવિધ યુગોમાં થયેલા મુખ્ય આઠ અવતારોનું અત્યંત ગંભીર અને શાસ્ત્રોક્ત વર્ણન પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રો અનુસાર આ આઠ અવતારો માત્ર પૌરાણિક કથાના પાત્રો નથી પરંતુ માનવ મન તથા આ સંસારમાં વ્યાપેલી આઠ મુખ્ય આસુરી વૃત્તિઓ મત્સર, મદ, મોહ, લોભ, ક્રોધ, કામ, મમતા અને અહંકારનો નાશ કરી માનવજાતને મુક્તિ અને સાચી સદ્બુદ્ધિનો માર્ગ બતાવવા માટે પ્રગટ થયા હતા.

**(૧)વક્રતુંડ અવતાર:** મત્સરાસુરનો સંહાર, દિવ્ય સ્વરૂપઃ વાંકી સૂંઢ ધરાવતું બ્રહ્મ સ્વરૂપ, દિવ્ય વાહનઃ સિંહ, સંહારિત અસુરઃ મત્સરાસુર ઈર્ષ્યા અને દ્વેષનો દાનવ. બીજાની પ્રગતિ જોઈને થતી ઈર્ષ્યાનો નાશ..

મુદ્ગલ પુરાણ અનુસાર એક સમયે દૈત્યરાજ શુક્રાચાર્યની તપસ્યાથી પ્રસન્ન થઈને તેમને સમસ્ત લોક પર વિજય પ્રાપ્ત કરવાનું વરદાન મળ્યું. આ વરદાનના પ્રભાવથી તેમની અંદર રહેલી ઈર્ષ્યા ભાવનામાંથી 'મત્સરાસુર' નામના મહાબલી રાક્ષસનો જન્મ થયો. મત્સરાસુરે ત્રણેય લોક પર કબજો કરી લીધો અને દેવતાઓ, ઋષિમુનિઓ તથા સજ્જનોને પીડિત કરવા લાગ્યો. દ્વેષ અને ઈર્ષ્યાના અગ્નિમાં બળતા સૃષ્ટિના જીવોનું રક્ષણ કરવા દેવોએ ભગવાન ગણપતિની કઠોર આરાધના કરી ત્યારે ભગવાન શ્રી ગણેશ 'વક્રતુંડ' (વાંકી સૂંઢવાળા) રૂપે સિંહ પર વિરાજમાન થઈને પ્રગટ થયા. ભગવાન વક્રતુંડે પોતાની પ્રચંડ શક્તિ વડે મત્સરાસુરનો પરાજય કર્યો. મત્સરાસુરે પોતાના ગર્વનો ત્યાગ કરી ભગવાનના શરણે સ્વીકાર કર્યો. ભગવાન વક્રતુંડ સગુણ બ્રહ્મના પ્રતીક છે. આ અવતાર આપણને શીખવે છે કે બીજાની ઉન્નતિ જોઈને બળતરાઈર્ષ્યા કરવાની વૃત્તિ જ મત્સરાસુર છે, જેને કેવળ ભગવાન વક્રતુંડની સદ્બુદ્ધિ જ નષ્ટ કરી શકે છે.

**(૨)એકદંત અવતાર:** મદાસુરનો નાશ, દિવ્ય સ્વરૂપઃ એક દંતદાંત ધારણ કરેલું દિવ્ય સ્વરૂપ, દિવ્ય વાહનઃ મૂષક-ઉંદર, સંહારિત અસુરઃ મદાસુર અહંકાર, મદ અને ઝૂનૂનનો દાનવ.

જ્યારે મહર્ષિ ચ્યવન અને આસુરી વૃત્તિઓના સંયોજનથી 'મદાસુર' નામના અસુરનો જન્મ થયો ત્યારે તેણે શુક્રાચાર્ય પાસે દીક્ષા લઈને તપસ્યા કરી અને સંપૂર્ણ બ્રહ્માંડ પર પોતાનું રાજ્ય સ્થાપિત કરી લીધું. મદાસુર એટલે કે પોતાનું ધન, રૂપ, બળ અને સત્તાનું અહંકારી ઝનૂન. મદાસુરના અત્યાચારથી સૃષ્ટિમાં ધર્મનો નાશ થવા લાગ્યો. આ સમયે દેવોની પ્રાર્થનાથી પ્રસન્ન થઈને પરબ્રહ્મ ગણેશજીએ 'એકદંત' અવતાર ધારણ કર્યો. એકદંત ભગવાન મૂષક પર સવાર થઈ દિવ્ય પરશુ અને પાશ સાથે યુદ્ધભૂમિમાં આવ્યા. એકદંતના તેજસ્વી સ્વરૂપને જોઈને જ મદાસુરનો અહંકાર ક્ષીણ થઈ ગયો અને તેણે ભગવાનના ચરણોમાં શરણાગતિ સ્વીકારી લીધી. એકદંત અવતાર આત્મતત્ત્વનું પ્રતીક છે, જે સાધકના હૃદયમાંથી મિથ્યા ગર્વ અને અહંકારમદનો નાશ કરીને વિનમ્રતા બક્ષે છે.

**(૩)મહોદર અવતાર:** મોહાસુરનો પરાજય, દિવ્ય સ્વરૂપઃ વિશાળ અને મોટું પેટ ધરાવતું સ્વરૂપ, દિવ્ય વાહનઃ મૂષક ઉંદર. સંહારિત અસુરઃ મોહાસુરઅજ્ઞાન અને માયાના મોહનો અસુર.


ભગવાન શિવે જ્યારે જલંધર નામના રાક્ષસનો વધ કર્યો ત્યારે તેના વિનાશ પછી અજ્ઞાન અને અંધકારમાંથી 'મોહાસુર' નામના દાનવનો જન્મ થયો. મોહાસુરે શુક્રાચાર્યની આજ્ઞાથી સૂર્યદેવની ઉપાસના કરી અને સમસ્ત ત્રિલોક પર અજ્ઞાન તથા અંધકારનું સામ્રાજ્ય સ્થાપિત કર્યું. મોહાસુરના કારણે જીવો સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ ભૂલી ગયા અને સંસારના ભૌતિક ભોગવિલાસના મોહમાં અંધ બની ગયા. સંસારને મોહના બંધનમાંથી મુક્ત કરવા ભગવાન ગણેશ 'મહોદર' અવતારમાં પ્રગટ થયા. મહોદરનો અર્થ થાય છે જેમનું પેટ અત્યંત વિશાળ છે અને જેમાં આખું બ્રહ્માંડ સમાયેલું છે. જ્યારે મહોદર પ્રગટ થયા ત્યારે મોહાસુરે તેમના વિરાટ સ્વરૂપના દર્શન કરી યુદ્ધ કર્યા વિના જ શરણાગતિ સ્વીકારી લીધી. આ અવતાર દર્શાવે છે કે જ્ઞાનરૂપી મહોદર જ જીવને સંસારના મોહ અને ભ્રમમાંથી મુક્તિ અપાવી શકે છે.

**(૪)ગજાનન અવતાર:** લોભાસુરનો અંત, દિવ્ય સ્વરૂપઃ હાથીનું મુખ ધરાવતું મંગલકારી સ્વરૂપ, દિવ્ય વાહનઃ મૂષક ઉંદર. સંહારિત અસુરઃ લોભાસુર અતિશય લોભ અને તૃષ્ણાનો રાક્ષસ.

કુબેરના મનમાં જ્યારે ધન અને સમૃદ્ધિનું અભિમાન




જાગ્યું ત્યારે તેમના તેજમાંથી 'લોભાસુર' નામના રાક્ષસનો જન્મ થયો. લોભાસુરે શુક્રાચાર્યના આદેશથી ભગવાન શિવની તપસ્યા કરી અભયતાનું વરદાન પ્રાપ્ત કર્યું અને સ્વર્ગ સહિત ત્રણેય લોક પર પોતાનો અધિકાર જમાવી લીધો. સંસારમાં રહેલા જીવોમાં અસીમ તૃષ્ણા અને ધનની ભૂખ વધવા લાગી જેના કારણે પાપકર્મો વધ્યા. લોભાસુરનો વિનાશ કરવા ભગવાન ગણેશજીએ 'ગજાનન' સ્વરૂપ ધારણ કર્યું. ગજ એટલે કે હાથી, જે અગાધ બુદ્ધિ અને ગંભીરતાનું પ્રતીક છે. ગજાનન સ્વરૂપે પોતાની અગાધ વિવેકબુદ્ધિથી લોભાસુરનો સદંતર પરાજય કર્યો અને તેને પાતાળમાં મોકલી દીધો. ગજાનન અવતાર માનવ મનને સંતોષ, ઉદારતા અને સન્માર્ગ તરફ વાળવાની પ્રેરણા આપે છે.




**(૫)લંબોદર અવતાર:** ક્રોધાસુરનો સંહાર, દિવ્ય સ્વરૂપઃ બ્રહ્માંડને પોતાના ઉદરમાં સમાવી શકે તેવું સ્વરૂપ, દિવ્ય વાહનઃ મૂષક ઉંદર. સંહારિત અસુરઃ ક્રોધાસુર અનિયંત્રિત ક્રોધ અને ગુસ્સાનો અસુર.

સમુદ્રમંથન સમયે જ્યારે ભગવાન વિષ્ણુએ મોહિની સ્વરૂપ ધારણ કર્યું હતું ત્યારે ભગવાન શિવનું તેજ સ્ખલિત થતાં તેમાંથી 'ક્રોધાસુર' નામના પ્રચંડ અસુરનો ઉત્સર્જન થયો. ક્રોધાસુરે સૂર્યદેવની ઘોર તપસ્યા કરીને સમગ્ર સૃષ્ટિને પોતાના ક્રોધની જવાળાઓમાં હોમી દીધી. ક્રોધના કારણે દેવો, ઋષિઓ અને જીવો વચ્ચે પરસ્પર હિંસા અને અશાંતિ વ્યાપી ગઈ ત્યારે ભગવાન ગણપતિએ 'લંબોદર' અવતાર ધારણ કર્યો. લંબોદર એટલે કે જેઓ સંસારની તમામ નિંદા, કલેશ અને ક્રોધને પોતાના ઉદરમાં પચાવી શકે છે. લંબોદર ભગવાને પોતાના શાંત અને પ્રચંડ પ્રભાવ વડે ક્રોધાસુરને યુદ્ધમાં પરાજિત કર્યો. ક્રોધાસુરે શાંત થઈને ગણેશજીના ચરણ પકડ્યા. આ અવતાર આપણને શીખવે છે કે ક્રોધ એ માનવ બુદ્ધિનો સૌથી મોટો શત્રુ છે અને ધૈર્ય તથા ક્ષમારૂપી લંબોદર તત્વથી જ ક્રોધ પર વિજય મેળવી શકાય છે.

(૬)વિકટ અવતારઃ કામસુરનો પરાજય, દિવ્ય સ્વરૂપઃ વિકરાળ, અત્યંત તેજસ્વી અને દિવ્ય સ્વરૂપ, દિવ્ય વાહનઃ મયૂરમોર. સંહારિત અસુરઃ કામસુર અનિયંત્રિત કામના, વાસના અને ઈચ્છાઓનો દાનવ.

ભગવાન વિષ્ણુની યોગમાયાના પ્રભાવથી પૃથ્વી પર 'કામસુર' કામના અને વાસનાનો રાક્ષસ ઉત્પન્ન થયો. કામસુરે શુક્રાચાર્યના આશીર્વાદથી સમગ્ર બ્રહ્માંડ પર વાસના અને અશુદ્ધ કામનાઓનો પ્રભાવ ફેલાવી દીધો. સંસારના તમામ જીવો પોતાના આત્મકલ્યાણને ભૂલીને કેવળ કામભોગ અને શારીરિક સુખોના દાસ બની ગયા.

આ અધર્મમાંથી જગતને ઉગારવા ભગવાન ગણેશજીએ 'વિકટ' સ્વરૂપ ધારણ કર્યું. આ અવતારમાં ભગવાન ગણેશજી સુંદર મયૂરમોર પર સવાર થઈને આવ્યા હતા, તેમણે પોતાના શક્તિશાળી શસ્ત્રો વડે કામસુર અને તેની સેનાનો સંહાર કર્યો. વિકટ અવતાર મનુષ્યના ચિત્તમાંથી અશુદ્ધ કામનાઓનો નાશ કરી પવિત્રતા, બ્રહ્મચર્ય અને સંયમ પ્રદાન કરે છે.

**(૭)વિઘ્નરાજ અવતાર:** મમાસુર/મમતાસુરનો નાશ, દિવ્ય સ્વરૂપઃ તમામ વિઘ્નોના સર્વોચ્ચ સ્વામી. દિવ્ય વાહનઃ શેષનાગ.. સંહારિત અસુરઃ મમાસુર અથવા મમતાસુર અત્યાધિક આસક્તિ અને 'મારૂંતારૂં'ની ક્ષુદ્ર મમતા.

જ્યારે માતા પાર્વતીજીની સખીઓના હાસ્યમાંથી 'મમાસુર' મમતા અને આસક્તિનો દાનવ ઉત્પન્ન થયો ત્યારે તેણે શિવજીની આરાધના કરીને સર્વશક્તિમાન બનવાનું વરદાન મેળવ્યું. મમાસુરે સંસારમાં વ્યામોહ અને 'મારૂંતારૂં'ની ક્ષુદ્ર મમતા ફેલાવી દીધી. માનવીઓ પુત્ર, સ્ત્રી, ધન અને ભૌતિક સંપત્તિની મમતામાં એવા અંધ બની ગયા કે તેઓ ભગવાન અને ધર્મને વિસરી ગયા ત્યારે સર્વ દેવોની પ્રાર્થના પર ભગવાન ગણેશ 'વિઘ્નરાજ' વિઘ્નેશ અવતારમાં પ્રગટ થયા. આ અવતારમાં તેમનું વાહન પ્રચંડ સર્પ 'શેષનાગ' હતું. ભગવાન વિઘ્નરાજે મમાસુરને યુદ્ધમાં અસહાય કરી દીધો અને તેને આસક્તિનો ત્યાગ કરવા મજબૂર કર્યો. આ અવતાર ભક્તના જીવનમાંથી ભૌતિક અને આધ્યાત્મિક તમામ વિઘ્નો દૂર કરી મુક્તિનો માર્ગ પ્રશસ્ત કરે છે.

**(૮)ધૂમ્રવર્ણ અવતાર:** અહંકારાસુરનો સંહાર, દિવ્ય સ્વરૂપઃ ધુમાડા જેવા ધૂસર (ગ્રે) વર્ણવાળું સ્વરૂપ, દિવ્ય વાહનઃ નીલો અશ્વ, સંહારિત અસુરઃ અહંકારાસુર/ અભિમાનાસુર ગર્વ અને દંભનો દાનવ.

એકવાર મહર્ષિ સૂર્યના શ્વાસોચ્છવાસમાંથી 'અહંકારાસુર' દંભ અને મિથ્યા અભિમાનનો રાક્ષસ ઉત્પન્ન થયો, તેણે શુક્રાચાર્ય પાસેથી આસુરી દીક્ષા લઈ બ્રહ્માંડમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું. અહંકારાસુરે દેવોના યજ્ઞયજ્ઞાદિ બંધ કરાવી દીધા અને સ્વયંની પૂજા કરવાનો આદેશ આપ્યો. સૃષ્ટિમાંથી ધર્મ અને ભક્તિનો નાશ થતાં જ ભગવાન ગણેશ 'ધૂમ્રવર્ણ' ધુમાડા જેવા રંગવાળા સ્વરૂપે નીલા રંગના તેજસ્વી ઘોડા પર સવાર થઈને પ્રગટ થયા. ધૂમ્રવર્ણ ભગવાને પોતાના મુખમાંથી પ્રચંડ અગ્નિ અને ધુમાડો ઉત્પન્ન કરી અહંકારાસુરની આસુરી સેનાનો સંહાર કર્યો. અહંકારાસુરે પોતાના અહંકારનો ત્યાગ કરી ભગવાનના ચરણોમાં ક્ષમા માગી. વિશેષ કરીને કલિયુગમાં વ્યાપ્ત મિથ્યા આડંબર અને ગર્વનો નાશ કરવા માટે ધૂમ્રવર્ણ અવતારની પૂજા અત્યંત શ્રેષ્ઠ માનવામાં આવે છે.


**અષ્ટ અવતારોનો આધ્યાત્મિક અને વ્યવહારિક ઉપસંહાર..**

મુદ્ગલ પુરાણમાંથી લીધેલ આ લેખ આપણને એ ગહન આધ્યાત્મિક સત્ય તરફ દોરી જાય છે કે ભગવાન શ્રી ગણેશ માત્ર વિઘ્નો દૂર કરનારા દેવ નથી પરંતુ તે મનુષ્યના અંતઃકરણના દોષોને દૂર કરનારા પરમ ચૈતન્ય સ્વરૂપ છે. માનવ મનમાં રોજેરોજ આ આઠ આસુરી રાક્ષસો ઈર્ષ્યા, મદ, મોહ, લોભ, ક્રોધ, કામ, મમતા અને અહંકાર જન્મ લે છે જે મનુષ્યની શાંતિ, સુખ અને બુદ્ધિનો નાશ કરે છે. જ્યારે સાધક ભગવાન શ્રી ગણેશના આ અષ્ટ અવતારોનું નિત્ય સ્મરણ અને ધ્યાનાભ્યાસ કરે છે ત્યારે ગણપતિજી તેની અંદર રહેલા આઠેય આસુરી દોષોનો સંહાર કરી ચિત્તમાં સદ્બુદ્ધિ, પવિત્રતા, સંતોષ અને પરમ શાંતિની સ્થાપના કરે છે. આથી જ ગણેશ પૂજન એ કેવળ બાહ્ય વિધિવિધાન નથી પરંતુ આંતરિક દોષોથી મુક્ત થઈને પરબ્રહ્મમાં લીન થવાની પવિત્ર આધ્યાત્મિક યાત્રા છે.

# ૧૬ સપ્ટેમ્બર, વર્લ્ડ ઓઝોન ડે

# ઓઝોન બચાવો, ઓઝોન આપણને બચાવશે

**'વર્લ્ડ ઓઝોન ડે'** ઓઝોન સ્તરની જાળવણી અંગેની જાગૃતિ ફેલાવા માટે થાય છે. પૃથ્વીથી લગભગ ૩૦ કિમીની ઊંચાઈએ ઓઝોન ગેસનું એક પાતળું પડ હોય છે, જેને ઓઝોન લેયર (Ozone Layer) કહે છે. ઓઝોનનું આ પડ સૂર્યમાંથી આવતા પારજાંબલી કિરણોત્સર્ગને (Ultra Violate Rays) અવશોષિત કરે છે. જો આ રેડિએશન ધરતી પર સીધું જ પહોંચે તો તે મનુષ્ય સહિત સમગ્ર જીવસૃષ્ટિ માટે અત્યંત નુકસાનકાસક સાબિત થઈ શકે છે. મોટાભાગનાં વૈજ્ઞાનિકોનું માનવું છે કે પૃથ્વી અને સૂર્યની વચ્ચે જો ઓઝોનનું લેયર ન હોય તો આ પૃથ્વી પર જીવનનું અસ્તિત્વ જ સમાપ્ત થઈ જાય. ઓઝોન લેયર વગર ધરતી પરનું જીવન ખુબ જ પ્રભાવિત થાય. પૃથ્વી પર રહેતા લોકો, જીવસૃષ્ટિ અને પ્રાણીઓ તમામનો સર્વનાશ થઈ જાય. આટલું જ નહીં, ઋતુઓ પણ અનિશ્ચિત થઈ શકે, જેમકે શિયાળા કરતા ઉનાળો લાંબો થઈ જાય, શિયાળો પણ ગમે ત્યારે આવી જાય, પૃથ્વી પર રહેલી હિમશીલાઓ ઓગળી જાય તો વારંવાર ત્સુનામીની સમસ્યાઓ પણ સર્જાય શકે છે. ઓઝોનનાં લેયરમાં પડેલા હોલ્સને 'ઓઝોન હોલ્સ' (Ozone Holes) કહે છે. વર્ષ ૧૯૮૫માં સૌ પ્રથમ વખત ઓઝોન હોલ્સ અંગે વિશ્વને જાણ થઈ હતી ત્યારપછી સમગ્ર વિશ્વમાં ઓઝોનનાં લેયરમાં પડી




રહેલા હોલ્સને બચાવવા માટે વિવિધ સ્તરે પ્રયાસો થઈ રહ્યાં છે. કેમિકલ ફેક્ટરીઓમાંથી નીકળતો ઝેરી ગેસ, વાહનોનું પ્રદૂષણ સહિત અનેક કારણોનાં લીધે ઓઝોનનું લેયર સતત પાતળું થતું જઈ રહ્યું છે. ઓઝોનનાં સ્તરમાં થઈ રહેલા આ નુકસાનને બચાવવા માટે અનેક દેશોમાં મોટી-મોટી ફેક્ટરીઓને બંધ કરી દેવાઈ છે સાથે જ સમગ્ર વિશ્વમાં સામુહિક રીતે ઓઝોનનું લેયર બચાવવા માટે પ્રયાસો થઈ રહ્યાં છે. ઓઝોનને પૃથ્વીનું કુદરતી સુરક્ષા કવચ પણ કહે છે. જુદા જુદા ઈલેક્ટ્રિક સાધનો જેવા કે રેફ્રીજરેટર, એસી અને સુગંધી સ્પ્રેમાં વપરાતો ક્લોરોફલોરો કાર્બન ઓઝોનને સૌથી વધુ નુકસાન કરે છે.

કેટલીક રીસર્ચ અનુસાર વર્તમાન સમયમાં જ ઓઝોન સ્તરમાં ગાબડા પડવાની શરૂઆત થઈ ચુકી છે. તેની પાછળ માણસનું બેપરવાહ વર્તન જ જવાબદાર ગણી શકાય. બિનજરૂરી રીતે ટેક્નોલોજીનો વધુ પડતો ઉપયોગ, જુદા જુદા કેમિકલ્સ અને ધુમાડાઓ દ્વારા થતું વાયુ પ્રદૂષણ, વારંવાર થતું વૃક્ષ છેદન વગેરેનાં કારણે પરીસ્થિતિ વણસી રહી છે. જો હવે આમ નાગરિકો સહિત સરકાર પણ નહીં જાગે તો પૃથ્વીનો અંત નજીક જ છે, કોરોનાકાળ રૂપે તો કુદરતે પોતાનું વિફરેલું સ્વરૂપ બતાવી જ દીધું છે, હવે આથી વધુ તો ક્યા દાખલાઓ આપણને જાગૃત કરી શકશે! ઓઝોન બચાવો, ઓઝોન આપણને બચાવશે.

**- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

**૫ જ વર્ષમાં કોઈએ વિચાર્યું નહીં હોય તેવો વિનાશ થશે**

# ગૂગલના ટોચના AI વૈજ્ઞાનિકનું રાજીનામું, આપી ભયાનક ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના અતિ ઝડપી અને અનિયંત્રિત વિકાસ સામે ટેક જગતના વૈજ્ઞાનિકોનો ભય સતત વધી રહ્યો છે. તાજેતરમાં એન્થ્રોપિકના રિસર્ચર જેકબ કોક્સન દ્વારા માનવજાતના અસ્તિત્વ સામે તોળાતા જોખમોની ચેતવણી આપ્યા બાદ, હવે ગૂગલ ડીપમાઈન્ડની AGI સેફ્ટી ટીમના અગ્રણી રિસર્ચર જોશ એન્જલ્સે કંપનીમાંથી રાજીનામું આપી દીધું છે. એન્જલ્સ OpenAI અને એન્થ્રોપિક તરફથી મળેલી મોટી ઓફર્સ પણ ફગાવી દીધી છે અને AI ઈવેલ્યુએશન સંસ્થા 'METR'માં જોડાયા છે.

"મને હવે એવો ભયાનક ડર લાગી રહ્યો છે કે આગામી ૫ વર્ષમાં જ AI સિસ્ટમ્સ માનવજાતને અકલ્પનીય મોટું નુકસાન પહોંચાડી શકે છે. મને ચોક્કસ ટકાવારી નથી ખબર, પરંતુ આ જોખમ એટલું વિશાળ છે કે આજે વિશ્વમાં AI સેફ્ટી સૌથી મહત્ત્વપૂર્ણ સમસ્યા બની ચૂકી છે."

**ફીડબેક લૂપઃ** જ્યારે કોઈ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સિસ્ટમ અન્ય નવી AI સિસ્ટમ્સ ડિઝાઈન કરવા કે સુધારવા સક્ષમ બને છે, ત્યારે તે નવી સિસ્ટમ વધુ ઝડપથી પોતાને સુધારે છે. આનાથી એક એવો ઝડપી લૂપ સર્જાય છે જે માણસના નિયંત્રણ બહાર જતો રહે છે. સુપરઈન્ટેલિજન્સની આંધળી દોડઃ તમામ મોટી ટેક કંપનીઓ માનવીય મગજ કરતાં હજારો ઘણી ઝડપી 'સુપરઈન્ટેલિજન્સ' સિસ્ટમ બનાવવા પાછળ દોડી રહી છે. જોશ એન્જલ્સના મતે, સૌથી ગંભીર સમસ્યા એ છે કે વૈજ્ઞાનિકો આ સિસ્ટમ્સને માનવીય મૂલ્યો અને નિયંત્રણો સાથે સુરક્ષિત રાખવાનું હજુ સંપૂર્ણપણે શીખી શક્યા નથી. જો કોઈ અનિયંત્રિત AI સેલ્ફ-ઈમ્પ્રૂવમેન્ટ લૂપ શરૂ કરશે, તો તે વૈશ્વિક આપત્તિ સર્જી શકે છે.

કંપનીઓના નેટવર્કમાં હેકિંગ કરવું, પોતાની ક્રિયાઓ અને પુરાવા છુપાવવા તથા મનુષ્યો સાથે સોશિયલ એન્જિનિયરિંગ (છેતરપિંડી) કરવાના ગંભીર કિસ્સા સામે આવ્યા છે.

જોશ એન્જલ્સે જણાવ્યું કે, AI વિકાસને સાવ અટકાવવાની જરૂર નથી, પરંતુ તેની સ્પીડ એટલી ધીમી કરવી જોઈએ જેથી સુરક્ષા સંશોધન તેની સાથે તાલ મિલાવી શકે. તેમની નવી સંસ્થા METRમાં તેઓ AIની સુરક્ષા ખામીઓનું વિશ્લેષણ કરશે અને વર્તમાન સલામતી પગલાં કેટલા અસરકારક છે તેનું મૂલ્યાંકન કરશે. તેમણે ટેક કંપનીઓની મનમાની અટકાવવા માટે સ્વતંત્ર મૂલ્યાંકન કરતી તટસ્થ સંસ્થાઓ ઊભી કરવાની હિમાયત કરી છે. અગાઉ જેકબ કોક્સને પણ ખુલાસો કર્યો હતો કે આ સિસ્ટમ બનાવનારા લોકો પોતે ડરી રહ્યા છે કે AI આ દાયકાના અંત સુધીમાં માનવજાતનો નાશ કરી શકે છે. એન્થ્રોપિકના અલાઈનમેન્ટ સાયન્સ લીડ ઈવાન હ્યુબિંગરે પણ કોક્સનની વાતને સમર્થન આપતાં આગામી દાયકામાં આવો ખતરો ૧૦ ટકાથી વધુ હોવાની શક્યતા દર્શાવી હતી.

**બાંગ્લાદેશના દાવાની પણ પોલ ખોલી**

# મસૂદ અઝહર ક્યાં છે તે પાકિસ્તાન જાણે છે : ભારતનો આકરો પ્રહાર

**બાંગ્લાદેશના વડાપ્રધાનને આમંત્રણ, ચીન સાથેના સંબંધો અને ઓમાનના દરિયાકાંઠે જહાજ પર હુમલા અંગે પણ ભારતે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫**

ભારત અને પાકિસ્તાન વચ્ચે આતંકવાદના મુદ્દે ફરીથી શાબ્દિક ટકરાવ જોવા મળ્યો છે. વિદેશ મંત્રાલયે જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહર પર ઈનામ જાહેર કરવા બદલ પાકિસ્તાનને આડે હાથ લીધું છે. ભારતે કહ્યું છે કે, પાકિસ્તાન સારી રીતે જાણે છે કે મસૂદ અઝહર ક્યાં છે અને માત્ર જાહેરાતો કરવાને બદલે તેની સામે નક્કર કાર્યવાહી કરવી જોઈએ. આ ઉપરાંત, બાંગ્લાદેશના વડાપ્રધાનને આમંત્રણ, ચીન સાથેના સંબંધો અને ઓમાનના દરિયાકાંઠે જહાજ પર હુમલા અંગે પણ ભારતે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે.

પાકિસ્તાન સરકારે જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહર પર ૭૦ લાખ પાકિસ્તાની રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ પગલાને ભારતના વિદેશ મંત્રાલયે દુનિયાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ ગણાવ્યો છે. પ્રવક્તા રણધીર જાયસવાલે કહ્યું હોવાનું આપેલી માહિતીમાં જણાવાયું છે કે પાકિસ્તાન આતંકવાદી સંગઠનો સામે કાર્યવાહી કરવાના બદલે આવા નાટક કરતું રહ્યું છે.

ભારતનું કહેવું છે કે, પાકિસ્તાનને મસૂદ અઝહર ક્યાં છુપાયેલો છે તેની જાણકારી છે. તેથી ઈનામ જાહેર કરવાથી આતંકવાદ સામેની કાર્યવાહી સાબિત થતી નથી. ભારતે પાકિસ્તાનને આતંકવાદીઓ સામે નક્કર અને વિશ્વસનીય પગલાં ભરવાની માગ કરી છે.

બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનને ભારત તરફથી આમંત્રણ ન મળ્યું હોવાના દાવાને પણ વિદેશ મંત્રાલયે ખોટો ગણાવ્યો છે. પ્રવક્તા રણધીર જાયસવાલે જણાવ્યું છે કે, ભારતે તેમને દ્વિપક્ષીય મુલાકાત માટે એક આમંત્રણ મોકલ્યું હતું. આ ઉપરાંત, બ્રિક્સ શિખર સંમેલનમાં અધ્યક્ષ તરીકે ભાગ લેવા માટે પણ અલગ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

આ રીતે, ભારત તરફથી કુલ બે અલગ-અલગ આમંત્રણ મોકલવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આમંત્રણ અંગેના વિવાદ વચ્ચે ભારતે બંને દેશો વચ્ચેના સંબંધો માટે રાજદ્વારી સંવાદના મહત્વ પર ભાર મૂક્યો છે.

૧૮મા બ્રિક્સ સંમેલન દરમિયાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. બેઠકમાં બંને દેશોના હિતો અને સંબંધો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ભારતે પોતાના મુદ્દાઓ સ્પષ્ટ શબ્દોમાં રજૂ કર્યા હોવાનું વિદેશ મંત્રાલયે જણાવ્યું છે.

ભારતના જણાવ્યા અનુસાર, બંને દેશો વચ્ચેના સંબંધોને આગળ વધારવા માટે પરસ્પર સન્માન, પરસ્પર હિત અને પરસ્પર સંવેદનશીલતા જરૂરી છે. આ ત્રણ સિદ્ધાંતોના આધારે દ્વિપક્ષીય સંબંધોમાં સ્થિરતા લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ઓમાનના દરિયાકાંઠે પનામાનો ધ્વજ ધરાવતા એક કોમર્શિયલ જહાજ પર હુમલો થયો હતો. જહાજમાં કુલ ૧૪ ભારતીય નાગરિકો અને નાવિકો સવાર હતા, જેમાંથી ૧૩ ભારતીયોને સુરક્ષિત રીતે બચાવી લેવાયા છે. એક ભારતીય નાવિક હજુ લાપતા છે અને તેને શોધવા માટે ઓમાનના સત્તાવાળાઓ સાથે મળીને બચાવ કામગીરી ચાલી રહી છે.

ભારતે વ્યાપારી જહાજો, સામાન્ય નાગરિકો અને નાગરિક માળખા પરના હુમલાઓને અસ્વીકાર્ય ગણાવ્યા છે. આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર સુરક્ષિત અવરજવર જળવાઈ રહે તે માટે ભારતે ભાર મૂક્યો છે.

રશિયા સાથે ભારતના ઊર્જા સહયોગને પણ વિદેશ મંત્રાલયે મહત્વપૂર્ણ ગણાવ્યો છે. કુડનકુલમ અણુ ઊર્જા પ્રોજેક્ટ બંને દેશો વચ્ચેના સહકારનું ઉદાહરણ હોવાનું જણાવાયું છે. ભારત આ ભાગીદારીને વધુ વિસ્તારવા માટે ટેકનિકલ સ્તરે ચર્ચા કરી રહ્યું છે.

રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા અંગે અમેરિકાના પ્રતિબંધો અને ટેરિફ વિશે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ભારતે જણાવ્યું છે કે દેશની ઊર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે તેલ ખરીદવાનો નિર્ણય રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને લેવામાં આવે છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે સાઉદી અરબના વિદેશ મંત્રી સાથે મુલાકાત કરી હતી. બંને વચ્ચે પ્રાદેશિક સુરક્ષા અને લાલ સમુદ્રમાં વધી રહેલા તણાવ અંગે ચર્ચા થઈ હતી. ભારતે સાઉદી અરબની સરહદો અને નાગરિક માળખા પર હૂતી વિદ્રોહીઓ દ્વારા કરવામાં આવેલા હુમલાઓની નિંદા કરી છે. આ સાથે, વિવાદાસ્પદ ધર્મપ્રચારક ઝાકિર નાઈકનો મુદ્દો પણ મલેશિયા સરકાર સમક્ષ સતત ઉઠાવવામાં આવી રહ્યો હોવાનું ભારતે જણાવ્યું છે. આંતરરાષ્ટ્રીય સુરક્ષા અને રાજદ્વારી સંબંધોના વિવિધ મુદ્દાઓ વચ્ચે ભારતે પોતાની નીતિ સ્પષ્ટ કરી છે.

## સ્પોર્ટ્સ ન્યુઝ

# ભારત આવશે પાકિસ્તાનની ટીમ, એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં થશે ટક્કર

**પાકિસ્તાન સહિત કુલ છ ટીમો આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહી છે : પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને માહિતી આપી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ચંદીગઢ, તા.૧૫ :** ભારત આવતા મહિને હોકી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કરશે. આ ટુર્નામેન્ટ ૨૭ ઓક્ટોબરથી ૫ નવેમ્બર દરમિયાન યોજાશે. પાકિસ્તાન સહિત કુલ છ ટીમો આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહી છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને આ માહિતી આપી હતી.

ભગવંત માને કેન્દ્ર સરકારની તે નીતિનો ઉલ્લેખ કર્યો જે મલ્ટી નેશનલ ટુર્નામેન્ટ દરમિયાન બંને દેશોને ભારતીય ધરતી પર રમવાની મંજૂરી આપે છે. એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત, પાકિસ્તાન, ચીન, જાપાન, મલેશિયા અને કોરિયાની ટીમો ભાગ લેશે. જો કોઈ ટીમ ટુર્નામેન્ટમાંથી ખસી જાય, તો ઓમાન અથવા બાંગ્લાદેશ તેનું સ્થાન લેશે. લીગ તબક્કાની મેચો જલંધરમાં રમાશે, જ્યારે સેમીફાઈનલ અને ફાઈનલ મોહાલીના હોકી સ્ટેડિયમમાં યોજાશે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઈ-પ્રોફાઈલ મેચ ૧લી નવેમ્બરે જલંધરમાં રમાશે.

પાકિસ્તાનની સહભાગિતા અને જરૂરી મંજૂરીઓ અંગેના પ્રશ્નોના જવાબમાં ભગવંત માને જણાવ્યું હતું કે, મલ્ટી નેશનલ ટુર્નામેન્ટમાં બંને દેશોની સ્પર્ધા બાબતે કોઈ સમસ્યા નથી. જોકે, ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય શ્રેણીનું આયોજન કરવું એ અલગ બાબત છે. કેન્દ્ર સરકારની વર્તમાન નીતિ પાકિસ્તાન સાથે દ્વિપક્ષીય રમતગમતની સ્પર્ધાઓ યોજવાની મંજૂરી આપતી નથી. તેમ છતાં બંને દેશોના ખેલાડીઓને મલ્ટી નેશનલ ટુર્નામેન્ટમાં એકબીજા સામે રમવાની છૂટ છે. આ જ કારણ છે કે પાકિસ્તાનની ટીમ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારત આવી શકશે.

ગયા વર્ષે તમિલનાડુમાં યોજાયેલ જુનિયર હોકી વર્લ્ડ કપમાંથી પાકિસ્તાન ખસી ગયું હતું. તેણે ઓપરેશન સિંદૂર બાદ બંને દેશો વચ્ચે વધતા તણાવનું કારણ જણાવ્યું હતું. ભારતે ૨૦૨૩માં એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કર્યું હતું, જેમાં ફાઈનલમાં પાકિસ્તાનને ૪-૦થી હરાવીને ભારતે ખિતાબ જીત્યો હતો. પાકિસ્તાનને ભારત સામે હોકીમાં છેલ્લે જીત મેળવ્યે એક દાયકાથી વધુ સમય વીતી ગયો છે. ભારત એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં સૌથી સફળ દેશ છે અને તેણે પાંચ વખત આ ખિતાબ જીત્યો છે.

આ ટૂર્નામેન્ટની શરૂઆત ૨૦૧૧માં થઈ હતી અને ભારત પાસે કુલ પાંચ ટ્રોફી છે, જ્યારે પાકિસ્તાને ત્રણ વખત આ ખિતાબ જીત્યો છે. ૨૦૧૮માં ભારત અને પાકિસ્તાનને સંયુક્ત વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

**અજીત અગરકરના કાર્યકાળને લઈ સસ્પેન્સ સર્જાયું**

# રોહિત શર્માને કારણે અગરકરનું ટીમ ઇન્ડિયામાં ભવિષ્ય અધ્ધરતાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫ :** ટીમ ઈન્ડિયાના ચીફ સિલેક્ટર અજીત અગરકર હાલમાં મોટા ધર્મસંકટમાં મુકાયા છે. સપ્ટેમ્બરમાં તેમનો સત્તાવાર કાર્યકાળ પૂર્ણ થઈ ચૂક્યો છે, પરંતુ તેમનો કોન્ટ્રેક્ટ આગળ વધારવામાં આવશે કે નહીં તે અંગે મોટો સસ્પેન્સ સર્જાયો છે. હાલના સંજોગોમાં એક તરફ અગરકરનું આત્મસન્માન અને વલણ છે, તો બીજી તરફ બીસીસીઆઈ (BCCI)ની જિદ્દ જોવા મળી રહી છે.

આગામી વર્ષે ત્રણ દેશોમાં યોજાનારા ૫૦-૫૦ ઓવરના વર્લ્ડ કપની તૈયારીઓની ઉલટી ગણતરી શરૂ થઈ ગઈ છે, ત્યારે આ વિવાદથી ટીમ ઈન્ડિયાને સંભવિત નુકસાન થવાની ભીતિ છે. બીસીસીઆઈ આજે અગરકર સાથે તેમના કોન્ટ્રેક્ટ અંગે વિગતવાર ચર્ચા કરશે, જેનાથી આગામી ૪૮ કલાકમાં સ્થિતિ સ્પષ્ટ થઈ જશે કે તેઓ પોતાના પદ પર જળવાઈ રહેશે કે નહીં. જોકે બોર્ડ તેમના કાર્યકાળના વિસ્તરણ પક્ષમાં છે, પણ અગરકર તરફથી સકારાત્મક સંકેત મળી રહ્યા નથી.

આગામી વર્લ્ડ કપની પ્લાનિંગ જ્યારે ઝડપથી આગળ વધી રહી છે, ત્યારે ટીમ ઈન્ડિયા માટે અજીત અગરકરનું રહેવું ખૂબ જ જરૂરી માનવામાં આવે છે. જો આ સમયે કોઈ નવો ચીફ સિલેક્ટર આવે છે, તો તેના માટે કપ્તાન, ટીમ, હેડ કોચ અને બીસીસીઆઈ સાથે તાલમેલ બેસાડવો અત્યંત મુશ્કેલ બની જશે. આ ઉપરાંત, નવી વ્યક્તિ માટે તાત્કાલિક ધોરણે આખી સિસ્ટમમાં ફિટ થઈને વર્લ્ડ કપની તૈયારીઓ સંભાળવી પણ મોટો પડકાર રહેશે. તેથી નવા સિલેક્ટરના આગમનથી ટીમ ઈન્ડિયાની તૈયારીઓ પર સીધી અસર પડી શકે છે.

આ સમગ્ર વિવાદનું મુખ્ય કેન્દ્રબિંદુ પૂર્વ કેપ્ટન રોહિત શર્મા છે. સિલેક્શન કમિટી અને હેડ કોચ ગૌતમ ગંભીરની વર્લ્ડ કપની પ્લાનિંગમાં રોહિત શર્મા ફિટ બેસતો નથી. આ બંને ઈચ્છે છે કે બાકી રહેલી વન-ડે મેચોમાં રોહિતની જગ્યાએ અન્ય કોઈ યુવા ઓપનરને તક આપવામાં આવે, જેથી તેને યોગ્ય અનુભવ મળી શકે. પરંતુ જ્યારે રોહિત શર્માને આ અંગે જાણ કરવામાં આવી, ત્યારે વિવાદ ઊભો થયો હતો.

રોહિતે આ મામલે બીસીસીઆઈના અધિકારીઓ સાથે વાત કરી હતી, જેના પછી બોર્ડ સચિવે રોહિતનો ખુલ્લેઆમ ટેકો આપતા સ્પષ્ટ કર્યું હતું કે, રોહિત સારું રમી રહ્યો છે અને જ્યાં સુધી તે સારું પ્રદર્શન કરશે ત્યાં સુધી રમતો રહેશે.'

બીસીસીઆઈનું રોહિત શર્મા પ્રત્યેનું વલણ અજીત અગરકર સુધી પહોંચી ગયું હતું. આ જ કારણે પૂર્વ ફાસ્ટ બોલરે તાજેતરમાં યોજાયેલી ટીમ રિવ્યુ અને વર્લ્ડ કપ પ્લાનિંગ મીટિંગમાં હાજરી આપી નહોતી, અને તેઓ ઓનલાઈન પણ જોડાયા નહોતા. આ ઘટના બાદ મીડિયા, પૂર્વ ક્રિકેટરો અને ફેન્સ વચ્ચે એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે અગરકર હવે ચીફ સિલેક્ટર પદ પર રહેશે કે નહીં. રોહિત શર્મા મુદ્દે સિલેક્શન કમિટી એક તરફ અને બીસીસીઆઈ બીજી તરફ છે. હવે અગરકર શું નિર્ણય લે છે, તે આગામી ૪૮ કલાકમાં સ્પષ્ટ થઈ જશે.

**દિલ્હી એરપોર્ટ પર ગંભીર સુરક્ષા ચૂક**

# ઇમિગ્રેશન વગર 3 લોકો મ્યુનિક પહોંચી ગયા, સરકારે બોલાવી ઇમરજન્સી બેઠક

**ગૃહ સચિવ ગોવિંદ મોહનની અધ્યક્ષતામાં આ બેઠકમાં સિવિલ એવિએશન અને ઇન્ટેલિજન્સ બ્યુરોના અધિકારીઓ હાજર રહેશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫**

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થામાં એક ચોંકાવનારી અને ગંભીર ચૂક સામે આવી છે. ત્રણ ઈટાલિયન મુસાફરો અમ્રિતસરથી દિલ્હી પહોંચ્યા બાદ ફરજિયાત ઈમિગ્રેશન પ્રક્રિયા પૂર્ણ કર્યા વગર જ લુફ્થાન્સાની ફ્લાઈટ પકડીને જર્મનીના મ્યુનિક શહેર પહોંચી ગયા હતા. દેશની સુરક્ષા સાથે જોડાયેલી આ ગંભીર બેદરકારી સામે આવ્યા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયએ તાકીદની ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી છે.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને કેન્દ્રીય ગૃહ મંત્રાલયના કાર્યાલય કર્તવ્ય ભવન ખાતે એક તાકીદની બેઠક બોલાવવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહનની અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠકમાં સિવિલ એવિએશન મંત્રાલયના સેક્રેટરી અને એડિશનલ સેક્રેટરી, ઈન્ટેલિજન્સ બ્યુરોના ડિરેક્ટર, ગૃહ મંત્રાલયના વરિષ્ઠ સચિવો, બ્યુરો ઓફ ઈમિગ્રેશન (BoI)ના કમિશનર, એર ઈન્ડિયા ગ્રુપ હેડ, દિલ્હી એરપોર્ટના CEO (DIAL) હાજર રહેશે.

૪ સપ્ટેમ્બરે બની ઘટનાઃ એર ઈન્ડિયાને કારણદર્શક નોટિસ. આ સમગ્ર ઘટના ૪ સપ્ટેમ્બરના રોજ બની હતી. કેન્દ્રીય ગૃહ મંત્રાલયની દરમિયાનગીરી બાદ નાગરિક ઉડ્ડયન મંત્રાલય (MoCA)એ ૧૨ સપ્ટેમ્બરે એર ઈન્ડિયાને કારણદર્શક નોટિસ પાઠવી હતી. જોકે, એર ઈન્ડિયા તરફથી આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર ખુલાસો કે જવાબ રજૂ કરવામાં આવ્યો નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરક્ષામાં આ ચૂક અમ્રિતસર એરપોર્ટ પર થયેલી ગેરસમજથી શરૂ થઈ હતી. આ ત્રણેય ઈટાલિયન નાગરિકોને અમ્રિતસર એરપોર્ટ પરથી જ દિલ્હી માટે તેમજ આગળ લુફ્થાન્સાની મ્યુનિક ફ્લાઈટ એમ બંને બોર્ડિંગ પાસ એકસાથે ઈશ્યૂ કરી દેવામાં આવ્યા હતા. સામાન્ય નિયમ મુજબ આ મુસાફરોએ દિલ્હી એરપોર્ટ પર પહોંચીને ભારતમાંથી એક્ઝિટનું ફરજિયાત ઈમિગ્રેશન ક્લિયરન્સ મેળવવાનું હતું.

જોકે સ્ટાફની ગંભીર બેદરકારીના કારણે તેમને સીધા I-to-I (International-to-International) ટ્રાન્સફર એરિયામાં મોકલી દેવાયા. આ ટ્રાન્સફર એરિયા માત્ર વિદેશથી આવીને અન્ય ત્રીજા દેશમાં જતાં ટ્રાન્ઝિટ મુસાફરો માટે હોય છે, જેના પરિણામે આ મુસાફરો ભારતીય ઈમિગ્રેશન પ્રક્રિયામાંથી પસાર થયા વિના સીધા વિમાનમાં બેસીને મ્યુનિક પહોંચી ગયા હતા.

સરકારે અમ્રિતસર જેવા ઘણા એરપોર્ટ પર 'હબ-એન્ડ-સ્પોક મોડેલ' લાગુ કર્યું છે, જેમાં વિદેશ જતાં મુસાફરોનું ઈમિગ્રેશન મૂળ એરપોર્ટ (સ્પોક) પર જ પૂરું કરી દેવાય છે જેથી હબ (દિલ્હી) પર તેમણે માત્ર સિક્યોરિટી ચેકમાંથી જ પસાર થવું પડે. જોકે આ કિસ્સામાં બંને એરલાઈન્સ વચ્ચે લાગુ પડતી હબ-એન્ડ-સ્પોક વ્યવસ્થા નહોતી, જેથી નિયમ મુજબ દિલ્હી ખાતે ઈમિગ્રેશન કરાવવું કાયદેસર ફરજિયાત હતું. યોગ્ય ચેકિંગ વગર આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાં પ્રવેશી જવાના આ કેસને સુરક્ષા એજન્સીઓ અત્યંત ગંભીરતાથી તપાસી રહી છે.

# સરકારે ફ્રી પેમેન્ટ માટે રૂ.૨,૦૦૦ની લિમિટ નક્કી કરતાં લોકોમાં ગણગણાટ

**મોટા મૂલ્યના P2M ટ્રાન્ઝેક્શન પર ભવિષ્યમાં ચાર્જ લાગી શકે છે, જેનાથી UPI ઇકોસિસ્ટમની ટકાઉક્ષમતા સુનિશ્ચિત કરી શકાશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫**

ડિજિટલ ભારતમાં શાકભાજીની લારીથી લઈને મોટા મોલ સુધી ચુકવણીનું સૌથી મોટું માધ્યમ UPI બની ગયું છે. છેલ્લા કેટલાક સમયથી એવી ચર્ચાઓ ચાલી રહી હતી કે ટૂંક સમયમાં સામાન્ય યુઝર્સે પણ દરેક UPI પેમેન્ટ પર બેન્ક ચાર્જ ચૂકવવો પડશે. આ અટકળો વચ્ચે કેન્દ્રીય નાણાં મંત્રાલયે સોમવારે એક મહત્ત્વપૂર્ણ સત્તાવાર નોટિફિકેશન બહાર પાડીને સ્પષ્ટતા કરી દીધી છે. સરકારે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે બેન્કો અને પેમેન્ટ સિસ્ટમ પ્રોવાઈડર્સ ૨,૦૦૦ સુધીના UPI પેમેન્ટ તેમજ RuPay ડેબિટ કાર્ડ પેમેન્ટ પર કોઈ પણ પ્રકારનો ચાર્જ વસૂલી શકશે નહીં. આ નોટિફિકેશનથી દેશના કરોડો સામાન્ય નાગરિકો અને નાના વેપારીઓને મોટી રાહત મળી છે, સાથે જ મોટા વેલ્યુ ધરાવતા ટ્રાન્ઝેક્શન અને મોટા ઈ-કોમર્સ વેપારીઓ માટે ભવિષ્યની વ્યવસ્થાના સંકેત પણ મળ્યા છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વ્યક્તિથી વેપારી વચ્ચે થયેલા કુલ UPI વ્યવહારોમાંથી માત્ર ૪% ટ્રાન્ઝેક્શન જ ૨,૦૦૦ કરતાં વધુ રકમના હતા. આ નોટિફિકેશન સંસદ દ્વારા ગયા મહિને પસાર કરાયેલા ટેક્સેશન એન્ડ અધર લોઝ (એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૨૬ પછી આવ્યું છે. આ કાયદા દ્વારા પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, ૨૦૦૭ની કલમ 10Aમાં સુધારો કરવામાં આવ્યો હતો.

અગાઉ ઈન્કમ ટેક્સ એક્ટ, ૧૯૬૧ની કલમ 269SU હેઠળ આવતા વેપારીઓ માટે ઈલેક્ટ્રોનિક પેમેન્ટ પર બેન્ક ચાર્જમાંથી સંપૂર્ણ મુક્તિ હતી. કલમ 269SU એવા દરેક વેપારી પર લાગુ પડતી હતી જેમનું વાર્ષિક ટર્નઓવર ૫૦ કરોડથી વધુ હતું. કલમ 10A મુજબ આ મોડ્સમાં RuPay ડેબિટ કાર્ડ, BHIM-UPI અને UPI-QR કોડ પર કોઈ ચાર્જ લગાવી શકાતો નહોતો. આ સુધારા બાદ એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા મોટા વેપારીઓ પાસેથી UPI અને RuPay પેમેન્ટ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ વસૂલવાનો માર્ગ મોકળો બન્યો હતો.

આ સુધારા અંગે નાણાં મંત્રાલયે અગાઉ ૮ ઓગસ્ટના રોજ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું, પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટમાં તાજેતરના સુધારાએ ચર્ચા જગાવી છે, જેમાં કેટલાક લોકો તેને સામાન્ય વપરાશકર્તાઓ પર ચાર્જ લાદવાના પગલા તરીકે ખોટી રીતે અર્થઘટન કરી રહ્યા છે. વાસ્તવમાં, આ સુધારો એક સમર્થ બનાવતી જોગવાઈ છે દીર્ઘકાલીન ટકાઉક્ષમતા, ટેકનોલોજીકલ પ્રગતિ અને ઉભરતા જોખમો સામે તેની સજ્જતા સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવી છે. બેંકો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ લાંબા સમયથી એવી રજૂઆત કરી રહ્યા છે કે ડિજિટલ પેમેન્ટનું માળખું જાળવવાનો ખર્ચ સતત વધી રહ્યો છે. માર્ચ મહિનામાં ફાઈનાન્સ અંગેની સ્ટેન્ડિંગ કમિટીએ પણ તેના અહેવાલમાં નોંધ્યું હતું કે, "MDRની ગેરહાજરી UPI ઈકોસિસ્ટમને આર્થિક રીતે બિનટકાઉ બનાવે છે."

MDR સામાન્ય રીતે ૧%થી ૩% વચ્ચે હોય છે, જે ડેબિટ અને ક્રેડિટ કાર્ડ પેમેન્ટ પ્રોસેસ કરતી બેંકો દ્વારા ટ્રાન્ઝેક્શન પ્રોસેસિંગ, સેટલમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચને પહોંચી વળવા માટે વેપારીઓ પર વસૂલવામાં આવે છે.

જાન્યુઆરી ૨૦૨૦થી સમગ્ર દેશમાં ડિજિટલ પેમેન્ટના વ્યાપને પ્રોત્સાહન આપવા માટે RuPay ડેબિટ કાર્ડ અને UPI પરનો MDR સંપૂર્ણ નાબૂદ કરવામાં આવ્યો હતો. જોકે, નાણાં મંત્રાલયે આ વર્ષની શરૂઆતમાં સ્ટેન્ડિંગ કમિટીને માહિતી આપી હતી કે પેમેન્ટ ઉદ્યોગને પર્સન-ટુ-મર્ચન્ટ ટ્રાન્ઝેક્શન્સ માટે વાર્ષિક ૨૦,૭૦૦ કરોડનો ભારે ખર્ચ થઈ રહ્યો છે.

# કોર્ટે આપ્યો ટ્રમ્પને ઝટકો, ફેડરલ જજે વીઝા કેપ નિયમ પર લગાવી રોક

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૫**

અમેરિકા સ્થિત બોસ્ટનના એક સંઘીય ન્યાયાધીશે સોમવારે ટ્રમ્પ પ્રશાસનને વિદેશી સ્ટુડન્ટ્સ, એક્સચેન્જ વિઝિટર્સ અને પત્રકારો વગર એક્સટેંશન વિઝિટર્સ અને પત્રકારો વગર એક્સટેન્શને અમેરિકામાં રહેવાનો સમયગાળો સીમિત કરત. અમેરિકન ડિસ્ટ્રિક્ટ જજ એફ. ડેનિસ સેલોરે યુનિયનો અને ઉચ્ચ શિક્ષણની હિમાયત કરતા જૂથોના ગઠબંધનની તરફેણમાં ચુકાદો આપ્યો છે. કોર્ટનો આ નિર્ણય ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (DHS)ના નિયમ લાગુ થવાના બરાબર એક દિવસ પહેલાં આવ્યો છે.

જજે જણાવ્યું કે, વિભાગે આ નિયમ બનાવતી વખતે ખૂબ જ નબળી દલીલો રજૂ કરી હતી અને આ નિર્ણય રાષ્ટ્રીય સુરક્ષા તેમજ છેતરપિંડી રોકવાના નામે લગભગ પાંચ દાયકા જૂની વ્યવસ્થાને પલટી રહ્યો હતો.

જજ સેલોરે કહ્યું કે, DHS એ વિઝા સિસ્ટમમાં છેતરપિંડી અટકાવવા અને રાષ્ટ્રીય સુરક્ષાનો હવાલો આપ્યો હતો, પરંતુ વિભાગે નિયમ બદલવાથી ઊભી થનારી સમસ્યાઓ પર યોગ્ય ધ્યાન ન આપ્યું અને સરળ વિકલ્પો પર પણ વિચાર ન કર્યો. ભૂતપૂર્વ રિપબ્લિકન રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યુ. બુશ દ્વારા નિમણૂક પામેલા જજે જણાવ્યું કે આ નિયમ અમેરિકાની એ પાંચ દાયકા જૂની વ્યવસ્થાને પલટી નાખત, જેના હેઠળ વિદેશી વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસક્રમની સમગ્ર મુદત સુધી દેશમાં રહી શકતા હતા અને કામ કરી શકતા હતા. આ વ્યવસ્થાથી કરોડો વિદ્યાર્થીઓ અને સંશોધકો દ્વારા વિજ્ઞાન, તબીબી અને ટેક્નોલોજી ક્ષેત્રે પ્રગતિ થઈ તથા દેશના અર્થતંત્રને પણ મોટો ફાયદો થયો હતો.

મળતી માહિતી મુજબ, હાલમાં આશરે 16 લાખ લોકો 'F' વિઝા અને 5 લાખ લોકો 'J' વિઝા ધારકો છે. જજે ચેતવણી આપી હતી કે આ નવી નીતિના કારણે મોટી યુનિવર્સિટીઓમાં એડમિશન (પ્રવેશ) ઘટી શકે છે અને તેમને કરોડો ડૉલરનું નુકસાન સહન કરવું પડી શકે છે.

# અમેરિકાએ પૃથ્વીની કક્ષામાં તૈનાત કર્યા હથિયાર, રશિયા-ચીન એલર્ટ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૫**

વિશ્વના અલગ-અલગ ખૂણે ચાલી રહેલા સંઘર્ષો વચ્ચે હવે અંતરિક્ષમાં પણ સૈન્ય હથિયારોની સ્પર્ધા તેજ થઈ ગઈ છે. અમેરિકન સ્પેસ ફોર્સ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, અમેરિકાએ હવે પૃથ્વીની કક્ષા (ઓર્બિટ)માં હથિયારો તૈનાત કરી દીધા છે. આ સાથે જ અમેરિકાએ પહેલીવાર સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે તેની પાસે ઓર્બિટમાં હથિયારો તૈનાત કરવાની ક્ષમતા છે.

એજન્સીના અહેવાલ મુજબ, અમેરિકન સ્પેસ ફોર્સના પ્રવક્તાએ જણાવ્યું છે કે દેશ પાસે ઓર્બિટમાં એવા 'સ્પેસ કંટ્રોલ વેપન' છે, જે દુશ્મનોની કાર્યવાહી સામે સંયુક્ત દળોનું રક્ષણ કરી શકે છે. જોકે, અંતરિક્ષમાં કયા ચોક્કસ હથિયારો ગોઠવવામાં આવ્યા છે તેની વિગતો જાહેર કરવામાં આવી નથી. સ્પેસ કંટ્રોલ મિશન અંતર્ગત કાઈનેટિક અને નોન-કાઈનેટિક પદ્ધતિઓ દ્વારા દુશ્મનની ક્ષમતાઓને પ્રભાવિત કરવામાં આવે છે.

અંતરિક્ષમાં હથિયારો મોકલવાની અને તેને નિયંત્રિત કરવાની આ રેસ નવી નથી. વર્ષ ૧૯૫૭માં રશિયા દ્વારા 'સ્પુતનિક' લોન્ચ કરવામાં આવ્યા બાદથી જ અમેરિકા અને મોસ્કો વચ્ચે સેટેલાઇટ નષ્ટ કરવા અને હથિયારો મોકલવાની હોડ શરૂ થઈ ગઈ હતી. વર્ષ ૧૯૬૭માં 'આઉટર સ્પેસ ટ્રીટી' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેના દ્વારા ઓર્બિટમાં મોટા પાયે તબાહી મચાવતા હથિયારો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.

આ કરાર અને પ્રતિબંધો હોવા છતાં અમેરિકા, ચીન અને રશિયા આ સંધિથી બહાર રહીને અંતરિક્ષમાં યુદ્ધની નવી પદ્ધતિઓ વિકસાવી રહ્યા છે. વર્તમાન સમયમાં સેટેલાઇટ મિલિટરી કોમ્યુનિકેશન, સર્વેલન્સ અને નેવિગેશન માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. યુદ્ધ જેવી પરિસ્થિતિમાં દુશ્મન દેશના સેટેલાઇટને નિશાન બનાવીને તેને નિષ્ક્રિય કરી શકાય છે.

### સાઉદી અરેબિયામાં હૂતિઓનો ખૌફ!

# જેદ્દાહ-અભહા-જાઝાન સહિત પાંચ શહેરોમાં ઈમરજન્સી એલર્ટ, ૧૩ નાગરિકો ઘાયલ

## હૂતિઓના હુમલાના જવાબમાં સાઉદી અરેબિયા અને યમનની વાયુસેનાએ મોચા બંદરની આસપાસ હૂતિઓના ઠેકાણાઓ સામે હવાઈ હુમલા તેજ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**જેદ્દાહ, તા.૧૫**

યમનના હૂતિ બળવાખોરોએ ફરી એકવાર સાઉદી અરેબિયાને નિશાન બનાવતાં દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં તણાવ વધ્યો છે. હૂતિઓએ ખમીસ મુશૈત સ્થિત સૈન્ય એરબેઝ પર ડઝનબંધ મિસાઈલો અને ડ્રોનથી હુમલો કરવાનો દાવો કર્યો છે. હૂતિ સંગઠને આ હુમલાને યમનમાં સાઉદી અરેબિયા દ્વારા કરવામાં આવેલા તાજેતરના હવાઈ હુમલાનો જવાબ ગણાવ્યો છે. હુમલાની સ્થિતિને જોતા સાઉદી અધિકારીઓએ ખમીસ મુશૈત, અભહા, તાઈફ, જેદ્દાહ અને જાઝાન સહિતના અનેક શહેરોમાં ઈમરજન્સી એલર્ટ જાહેર કર્યા હતા.

અહેવાલો પ્રમાણે હુમલામાં ૧૩ નાગરિકો ઘાયલ થયા છે. જોકે, સાઉદી સિવિલ ડિફેન્સે બાદમાં ખતરો ટળી ગયો હોવાનું જણાવ્યું હતું. હૂતિઓએ દાવો કર્યો છે કે તેમણે દક્ષિણ-પશ્ચિમ સાઉદી અરેબિયામાં આવેલા ખમીસ મુશૈતના સૈન્ય એરબેઝને નિશાન બનાવીને મોટી સંખ્યામાં મિસાઈલો અને ડ્રોન છોડ્યા હતા. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે યમનમાં સાઉદી અરેબિયા દ્વારા હૂતિઓના ઠેકાણાઓ સામે હવાઈ કાર્યવાહી કરવામાં આવી રહી છે. સાઉદી હુમલામાં એરક્રાફ્ટ હેંગર્સ, રડાર સિસ્ટમ, રનવે અને દારૂગોળાના ડેપો જેવા સૈન્ય સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હોવાના અહેવાલ છે. હૂતિઓએ પોતાની નવી કાર્યવાહી આ હુમલાઓના જવાબરૂપે કરી હોવાનું જણાવ્યું છે. હુમલા બાદ સાઉદીના દક્ષિણના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરવામાં આવી છે. હૂતિઓની સતત કાર્યવાહીથી હવે સાઉદી અરેબિયાની તેલ નિકાસને લઈને પણ ચિંતા વધી રહી છે. લાલ સમુદ્રના મુખ પાસે આવેલા પેરિમ ટાપુ પર હૂતિઓના કબજાના અહેવાલો વચ્ચે સાઉદીના મહત્વના તેલ પરિવહન માર્ગો પર દબાણ વધ્યું છે. અગાઉના એક હવાઈ હુમલાના કારણે સાઉદી અરેબિયાની ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈનને બંધ કરવાની ફરજ પડી હતી. ૧૯૮૦ના દાયકામાં હોર્મુઝ સ્ટ્રેટના વિકલ્પ તરીકે બનાવવામાં આવેલી આ પાઈપલાઈન આશરે ૧૨૦૦ કિલોમીટર લાંબી છે. તેલના વેપારીઓના અંદાજ પ્રમાણે પાઈપલાઈન લાંબા સમય સુધી બંધ રહે તો વૈશ્વિક તેલ પુરવઠામાં આશરે ૪ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. આ આશંકા વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવમાં પણ ૪ ટકાથી વધુનો વધારો નોંધાયો હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. હૂતિઓના હુમલાના જવાબમાં સાઉદી અરેબિયા અને યમનની વાયુસેનાએ મોચા બંદરની આસપાસ હૂતિઓના ઠેકાણાઓ સામે હવાઈ હુમલા તેજ કર્યા છે. પશ્ચિમ યમનમાં હૂતિઓનો પ્રભાવ હજુ પણ મોટો હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આ સમગ્ર ઘટનાક્રમને કારણે યમન અને સાઉદી અરેબિયા વચ્ચેનો લાંબા સમયથી ચાલી રહેલો સંઘર્ષ ફરી ઉગ્ર બનવાની આશંકા છે. ખાસ કરીને લાલ સમુદ્ર અને આસપાસના વિસ્તારોમાં હૂતિઓની સક્રિયતાથી પ્રાદેશિક સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય વેપાર માર્ગો અંગે પણ ચિંતા વધી છે. સતત હુમલા અને વળતા હુમલાઓને કારણે સ્થિતિ વધુ જટિલ બની રહી છે. ટ્રમ્પને સંઘર્ષથી દૂર રહેવાની હુથીઓની અપીલ. આ દરમિયાન અમેરિકા પણ આ સમગ્ર ઘટનાક્રમ પર નજર રાખી રહ્યું છે. અહેવાલો અનુસાર, સાઉદી અરેબિયાએ અમેરિકાની સીધી લશ્કરી મદદની વિનંતી કરી હોવા છતાં અમેરિકાએ હજુ સુધી સીધો લશ્કરી હસ્તક્ષેપ કર્યો નથી અને માત્ર ગુપ્તચર સહાય પૂરી પાડી રહ્યું છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, હૂતિઓએ પણ અમેરિકાને આ સંઘર્ષથી દૂર રહેવાની સલાહ આપી છે. બીજી તરફ, સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને જેદ્દાહમાં અમેરિકાના પ્રાદેશિક કમાન્ડર એડમિરલ બ્રાડ કૂપર સાથે મુલાકાત કરી હતી.

## વર્તમાન પ્રવાહ CORPORATE NEWS

# યશ એચવી યુએસએ ઇન્ક.એ એનસેલ્સ ઇલેક્ટ્રિકલ એસોસિએટ્સ, ઈન્ક. સાથે વ્યૂહાત્મક કરાર કર્યો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સુરત, તા.૧૫**

પાવર જનરેશન અને ટ્રાન્સમિશન ક્ષેત્ર માટે કન્ડેન્સર ગ્રેડેડ ટ્રાન્સફોર્મર બુશિંગ્સના અગ્રણી ઉત્પાદક યશ હાઈવૉલ્ટેજ લિમિટેડ ('યશજા' અથવા 'કંપની')એ જાહેરાત કરી છે કે, તેની સહાયક કંપની, યશ એચવી યુએસએ ઈન્ક., એ યુએસએના નોર્થ કેરોલિના ખાતે પોતાનું વડુંમથક ધરાવતી અને યુએસના અનેક રાજ્યોમાં સેલ્સ ઑફિસ ધરાવતી એનસેલ્સ ઇલેક્ટ્રિકલ એસોસિએટ્સ, ઈન્ક. સાથે રીપ્રેઝન્ટેશન એગ્રીમેન્ટ કર્યો છે.

આ મામલે વાત કરતાં, યશ હાઈવૉલ્ટેજ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી કેયુર શાહે જણાવ્યું હતું કે: 'યુએસ, યશ હાઈવૉલ્ટેજ' માટે એક મહત્વનું વ્યૂહાત્મક માર્કેટ છે એનસેલ્સ માર્કેટ રીપ્રેઝન્ટેશનની મૂલ્યવાન ક્ષમતાઓ તેમજ યુએસના અનેક રાજ્યોમાં મજબૂત ઉપસ્થિતિ ધરાવે છે. સેલ્સના વિકાસ ઉપરાંત, યુટિલિટી હોમોલોગેશન અને મંજૂરીઓ પરના ફૉકસથી યુએસની પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈકોસિસ્ટમમાં સ્થાયી ભાગીદારી માટે મજબૂત પાયો નાંખવામાં તે અમને મદદરૂપ થશે.

આ કરાર ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬થી અમલમાં આવ્યો છે અને કરારના અમલની તારીખથી ૩૬ મહિના (ત્રણ વર્ષ) સુધી માન્ય રહેશે. આ કરારમાં યશ હાઈવૉલ્ટેજના ૨૫,૦૦૦ એએમપીએસ સુધીના લૉ વોલ્ટેજ (એલવી) હાઈ કરન્ટ બુશિંગ્સ અને ૨૪૫ કેવી સુધીના ઓઈલ-ઈમ્પ્રેગ્નેટેડ પેપર (ઓઆઈપી) કન્ડેન્સર બુશિંગ્સ સહિત ટ્રાન્સફોર્મર બુશિંગ્સના પોર્ટફોલિયોનો સમાવેશ થાય છે. આ સાથે જ, તેમાં ઓઈલ-એર, ઓઈલ-ઓઈલ અને એર-એર કન્ફિગરેશન પ્રકારો પણ સામેલ છે. આ કરારમાં ૨૩૦ કેવી સુધીના રેઝિન ઈમ્પ્રેગ્નેટેડ પેપર (આરઆઈપી) અને રેઝિન ઈમ્પ્રેગ્નેટેડ સિન્થેટિક (આરઆઈએસ) કન્ડેન્સર બુશિંગ્સને પણ આવરી લેવામાં આવ્યાં છે.




### સ્વયંવરથી વનવાસ સુધીની ઝલક જોવા મળી

# રણબીર અને સાઈ પલ્લવીની 'રામાયણ'નું પહેલું ગીત રિલીઝ

## ગીતમાં રામ સિયા રામ જય જય રામનો જૂનો ફિલ પણ આવે છે, જે રૂવાંડા ઊભા કરી દે તેવો છે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

રણબીર કપૂર અને સાઈ પલ્લવીની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'રામાયણ'ને લઈને ચાહકોનો ઉત્સાહ હવે વધુ વધી ગયો છે. ફિલ્મનું પહેલું ગીત 'જય જય રામ' રિલીઝ થઈ ગયું છે અને રિલીઝ થતાં જ તેણે માહોલ ભક્તિમય બનાવી દીધો છે. ગીતમાં ભગવાન રામની ભવ્ય ગાથા, દિવ્ય છબીઓ અને દમદાર વિઝ્યુઅલ્સ જોવા મળી રહ્યા છે, તો બીજી તરફ તેની ભક્તિમાં ડૂબેલી ધૂન સીધી દિલ સુધી પહોંચે છે.




રણબીર કપૂરના રામ અવતારની ઝલકે પહેલાથી જ ફેન્સનું ધ્યાન ખેંચ્યું હતું, ત્યારે હવે 'જય જય રામ' ગીતે ફિલ્મને લઈને બઝ વધુ તગડો કરી દીધો છે. સોશિયલ મીડિયા પર ચાહકો ગીતની ધૂન અને ફિલ્મના વિઝ્યુઅલ ટ્રીટમેન્ટની ખૂબ ચર્ચા કરી રહ્યા છે. ગણેશ ચતુર્થીના અવસરે મેકર્સે ફેન્સને એક મોટી ભેટ આપી દીધી છે.

અરિજિત સિંહ અને શ્રેયા ઘોષાલના અવાજ સાથે એ. આર. રહેમાનનું મ્યુઝિક અને 'જય જય રામ'ની ધૂન અત્યંત મનમોહક લાગે છે. વિઝ્યુઅલની વાત કરીએ તો ગીતમાં રામ-સિયાના સ્વયંવર અને લગ્નથી લઈને રાજ્યાભિષેકની તૈયારી અને વનવાસ જવા સુધીની ઝલક દેખાય છે. ગીતને રામ-સીતાની પ્રેમ કહાની અને લોકોની આસ્થા સાથે જોડીને જોવામાં આવે તો ખોટું નથી. ગીતમાં રામ સિયા રામ જય જય રામનો જૂનો ફિલ પણ આવે છે, જે રૂવાંડા ઊભા કરી દે તેવો છે.

ગીત સાંભળીને ફેન્સ ખૂબ ખુશ થઈ ગયા છે. દરેક વ્યક્તિ કમેન્ટ બોક્સમાં માત્ર વખાણ જ કરી રહી છે. યુઝર્સનું કહેવું છે કે જેટલું સુંદર ગીત સાંભળવામાં લાગી રહ્યું છે, એટલું જ જોવામાં આંખોને શીતળતા પણ મળી રહી છે. આખી ટીમને શુભેચ્છાઓ. રામ-સીતાના પવિત્ર સંબંધને સેલિબ્રેટ કરતી આ તસવીરોએ સાચા અર્થમાં ફેન્સનું દિલ જીતી લીધું છે. ફેન્સનું કહેવું છે કે જો ગીત આવું છે તો ખરેખર રાહ જોવી તો વ્યાજબી જ હતી.

ગીતમાં લક્ષ્મણ અને ભરતનું પાત્ર ભજવી રહેલા રવિ દુબે અને આદિનાથ કોઠારેની પણ ઝલક જોવા મળી છે. ગ્રાન્ડ સેટ, ભક્તિભાવથી ભરપૂર રામનો આ સંસાર ખૂબ જ ચોંકાવનારો છે. તમને જણાવી દઈએ કે, 'રામાયણ'નો પહેલો પાર્ટ આ દિવાળીએ એટલે કે ૬ નવેમ્બરે રિલીઝ થવાનો છે. પહેલા પાર્ટમાં વનવાસ જવા સુધીની સ્ટોરી બતાવવામાં આવશે તેવી ચર્ચા છે. હનુમાનની એન્ટ્રી બીજા પાર્ટમાં થશે.

# આરકે સ્ટુડિયોના ગણપતિ ઉત્સવનો પણ એક જમાનો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

એક સમય હતો જ્યારે આરકે સ્ટુડિયો ફક્ત ફિલ્મ શૂટિંગ માટે જ નહીં, પણ હોળી અને દિવાળીની ઉજવણી તેમજ ગણપતિ બાપ્પાની ભક્તિ માટે પણ જાણીતો હતો. ગણેશ ચતુર્થીના દિવસે ધૂમ મચતી હતી. ફિલ્મજગતની મોટી હસ્તીઓ કપૂર પરિવારની પરંપરામાં જોડાતી હતી.



સમયનાં વહેણની સાથે કપૂર પરિવારનો જલવો હવે રહ્યો નથી. રાજ કપૂરના યુગની આ ખાસ પરંપરા ધીમે ધીમે ઈતિહાસ બની ગઈ છે. કરિશ્મા કપૂરે તેના દાદાના યુગની એક યાદ શેર કરી છે. આરકે સ્ટુડિયોમાં ગણેશ ઉત્સવ બંધ થઈ જવાનો વસવસો વ્યક્ત કરતાં કરિશ્મા કપૂરે ડાન્સ રિયાલિટી શો "ઈન્ડિયાઝ બેસ્ટ ડાન્સર સીઝન ૫" માં આ જૂની પરિવારની પરંપરાને યાદ કરી હતી. કરિશ્માએ કહ્યું હતું કે, તેના દાદા, સુપ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા રાજ કપૂરના સમયમાં, આરકે સ્ટુડિયોમાં ગણેશ ચતુર્થીની ઉજવણી ખૂબ જ ખાસ રીતે કરવામાં આવતી હતી. સમગ્ર સ્ટુડિયો સ્ટાફ અને આસપાસના વિસ્તારના લોકોએ પણ આ ઉજવણીમાં ભાગ લેતા. તેમાં મોટી સંખ્યામાં લોકોની લાગણીઓ પણ સામેલ હતી. રાજ કપૂરના નિધન પછી, આરકે સ્ટુડિયોમાં આ ગણેશ ચતુર્થીની ઉજવણી બંધ થઈ ગઈ. સ્ટુડિયોમાં જૂની પરંપરા હવે અસ્તિત્વમાં નથી, પરંતુ કપૂર પરિવારે તેમના ઘરોમાં ગણેશ ઉત્સવ જીવંત રાખ્યો છે. કરિશ્માએ કહ્યું કે, ગણેશ ચતુર્થી હજુ પણ કપૂર પરિવાર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### ફિલ્મે વિદેશોમાંથી ૯.૫૦ કરોડની કમાણી કરી

# 'હનુમાન અંશ' ફિલ્મ બનાવવામાં સ્ટીવ જોબ્સની પણ ભૂમિકા છે!

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

'હનુમાન અંશ' આજકાલ સૌથી વધુ ચર્ચામાં રહેલી ફિલ્મોમાંની એક છે, અને તમને જાણીને આશ્ચર્ય થશે કે તેના નિર્માતા ફક્ત ૨૧ વર્ષના છે. નિર્માતા અનુપ્રિયા નાગરે તાજેતરમાં જ ફિલ્મ પાછળની પ્રેરણાનો ખુલાસો કર્યો છે.

નીમ કરોલી બાબા પર આધારિત ફિલ્મ 'હનુમાન અંશ' હાલમાં ચર્ચાનો વિષય છે. આ ફક્ત એટલા માટે નથી કારણ કે તે દેશ અને દુનિયામાં આદરણીય અને જાણીતા સંતના જીવન પર આધારિત છે, એ સાથે તેની રિલીઝ પછીની તેની અસાધારણ સફરને કારણે પણ છે. રૂા.૨ કરોડથી ઓછા બજેટમાં બનેલી આ ફિલ્મ હવે રૂા.૧૦૦ કરોડનો આંકડો વટાવી ગઈ છે, જેના કારણે તેનું થિયેટર રન ખૂબ જ ખાસ બની ગયું છે. ઉપરોક્ત આંકડો પ્રતિસપ્તાહ વધતો જઈ રહ્યો છે. હનુમાન અંશ ફિલ્મનું નેટ કલેક્શન ૧૯૨.૧૩ કરોડ સુધી પહોંચી ગયું છે, જ્યારે તેનું ગ્રોસ કલેક્શન ૨૨૭ કરોડ સુધી પહોંચી ગયું છે. આ ફિલ્મે વિદેશોમાંથી રૂા.૯.૫૦ કરોડની કમાણી કરી છે. તેનું વિશ્વવ્યાપી કલેક્શન રૂા.૨૩૬.૫૦ કરોડ સુધી પહોંચી ગયું છે.

આ ફિલ્મના નિર્માણ પાછળની રસપ્રદ વાત એ છે કે ફિલ્મની નિર્માત્રી ૨૧ વર્ષીય અનુપ્રિયા નાગર છે. યુકેમાં અર્થશાસ્ત્રની ડિગ્રી મેળવી રહી હતી ત્યારે કંઈક એવું બન્યું જેના કારણે તે ભારત પાછી ફરી અને આખરે ફિલ્મના દિગ્દર્શક વિશાલ ચતુર્વેદીને મળી અને પછી તેની સફર એવી જગ્યાએથી શરૂ થઈ જેની કોઈને અપેક્ષા નહોતી. અર્થશાસ્ત્રમાં ડિગ્રી હોવા ઉપરાંત, અનુપ્રિયા એક કલાકાર પણ છે. તે એક કલા સંગ્રહક પરિવારમાંથી આવે છે.

એશિયન કમ્યુનિટીમાં જોડાઓ અનુપ્રિયાએ કહ્યું, "મારા કોલેજના છેલ્લા વર્ષમાં, હું વિવિધ ટેક કંપનીઓ પર સંશોધન કરી રહી હતી. હું એપલ અને મેટાવર્સના સ્થાપકોને તેમના વિચારો ક્યાંથી મળ્યા તે શોધવાનો પ્રયાસ કરી રહી હતી. એક લેખ વાંચતી વખતે, મને ખબર પડી કે નીમ કરોલી બાબાથી સ્ટીવ જોબ્સ પ્રભાવિત થયા હતા. ઉત્તરા ખંડના કૈંચી ધામમાં જ તેમને વિચાર આવ્યો હતો કે વિશ્વનું પ્રથમ રંગીન કમ્પ્યુટર બનાવવું. આ અંગેનો લેખ વાંચીને, મને વિચાર આવ્યો કે હું એક વિદેશી પાસેથી ભારતીય સંત વિશે માહિતી કેમ મેળવી રહી છું. આનાથી મને આ વિષય પર વધુ સંશોધન કરવાની પ્રેરણા મળી.

હનુમાન અંશને એક મહિનાથી વધુ સમય થઈ ગયો છે, અને ફિલ્મ હજુ પણ કમાણી કરી રહી છે. દરમિયાન, ફિલ્મમાં નીમ કરોલી બાબાનું પાત્ર ભજવનાર શોભિનવ સત્યે એક વીડિયો શેર કર્યો અને દર્શકોને ચેતવણી આપી. તેમણે કહ્યું કે, જે રીતે કેટલાક લોકો પાયરેટેડ કે નેટ પર ગેરકાયદે મૂકાયેલી આ ફિલ્મ જોઈ રહ્યા છે તે પોતાને "બીજાના પાપમાં ભાગીદાર" બનાવી રહ્યા છે.

### ફિલ્મ ૨૫ સપ્ટેમ્બરે ભારતીય થિયેટરોમાં રિલીઝ થશે

# કોરિયન ફિલ્મોના ઇતિહાસની સૌથી મોંઘી (૩૪૫ કરોડની) ફિલ્મ "હોપ"

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

"ધ વેઈલિંગ" જેવી સસ્પેન્સ હોરર ક્લાસિક્સ બનાવનાર પીઢ દક્ષિણ કોરિયન ફિલ્મ નિર્માતા ના હોંગ-જિન લગભગ એક દાયકા પછી મોટા પડદા પર પુનરાગમન કરી રહ્યા છે. તેમની ખૂબ જ અપેક્ષિત સાયન્સ-ફિક્શન થ્રિલર "હોપ" ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ભારતીય થિયેટરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. આ ફિલ્મ એટલા માટે પણ ખાસ છે કારણ કે તેમાં દક્ષિણ કોરિયાના સૌથી મોટા સુપરસ્ટાર અને આઈકોનિક હોલીવુડ સ્ટાર્સ પણ હશે. ભારતીય દર્શકો માટે આ ફિલ્મ અંગ્રેજી, હિન્દી, તમિલ, તેલુગુ અને કોરિયન ભાષામાં રિલીઝ થશે. આનાથી તે માત્ર કોરિયન ફિલ્મ નહીં, પણ એક વ્યાપક રિલીઝ બનશે.

"હોપ" અત્યાર સુધીની સૌથી મોંઘી કોરિયન ફિલ્મ હોવાનું કહેવાય છે. તેનું પ્રોડક્શન બજેટ ૫૦ બિલિયન વોન (આશરે ૩૪૫ કરોડ) થી વધુ હોવાનો અંદાજ છે, જે તેને કોરિયન સિનેમા માટે ખૂબ જ મહત્વાકાંક્ષી પ્રોડક્શન બનાવે છે. દક્ષિણ કોરિયાના ડિમિલિટરાઈઝ્ડ ઝોન નજીકના એક દૂરના ગામમાં સેટ, "હોપ" એક રહસ્યમય પ્રાણીની શોધથી ફિલ્મની કહાણી શરૂ થાય છે. શરૂઆતમાં જે એક અલગ ઘટના લાગે છે તે ટૂંક સમયમાં અસ્તિત્વ માટેના સંઘર્ષમાં ફેરવાઈ જાય છે. પોલીસ વડા બમ-સીઓક અને અધિકારી સુંગ-એને ગામનું રક્ષણ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે, કારણ કે બચાવ ટીમને જંગલની આગ ઓલવવા માટે વાળવામાં આવે છે, જેનાથી બહારની દુનિયા સાથેનો સંપર્ક તૂટી જાય છે. દરમિયાન, સ્થાનિક લોકો જે પ્રાણીને શોધવા માટે પર્વતોમાં જાય છે તેઓ પોતાને ભોગ બનેલા માને છે. વાર્તાનો આધાર એક સીધી 'પ્રાણી થ્રિલર' જેવી લાગે છે, પરંતુ એવું લાગે છે કે ના હોંગ-જિન આ શૈલીનો ઉપયોગ કંઈક મોટાની શરૂઆત તરીકે કરી રહ્યા છે. વાર્તા એક સ્થાનિક રહસ્યથી "કોસ્મિક પ્રમાણ" ની દુર્ઘટના તરફ આગળ વધે છે, જેમાં એક રહસ્યમય પ્રાણી અને માનવ સંઘર્ષોનો ભય વધી રહ્યો છે.

ના હોંગ-જિનનું નામ કોરિયન હોરર ફિલ્મોના ચાહકો માટે ખૂબ મહત્વ ધરાવે છે. તેમની ફિલ્મોમાં 'ધ ચેઝર' (૨૦૦૮), 'ધ યલો સી' (૨૦૧૦) અને 'ધ વેલિંગ' (૨૦૧૬)નો સમાવેશ થાય છે, જે બધી કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ માટે પસંદ કરવામાં આવી હતી. 'હોપ' ૧૦ વર્ષ પછી દિગ્દર્શક તરીકે તેમની પ્રથમ ફીચર ફિલ્મ છે. ફિલ્મની સ્થાનિક રિલીઝ પહેલાં જ ૨૦૦ થી વધુ દેશો અને પ્રદેશોમાં વિતરણ અધિકારો વેચાઈ ગયા હતા, જે ફિલ્મની આસપાસની વૈશ્વિક અપેક્ષાઓને પ્રતિબિંબિત કરે છે.



# કચ્છના માંડવીમાં આભ ફાટ્યું, બે કલાકમાં ૫ ઈંચ વરસાદ



## પોરબંદર, ઓખામંડળ, સુરત શહેર, કોડિનાર, જામનગર, રાણાવાવ, જાફરાબાદ અને ગીર સોમનાથના વિસ્તારોમાં પણ હળવો વરસાદ નોંધાયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કચ્છ,તા.૧૫**

ગુજરાતમાં મેઘરાજા ફરી એકવાર રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યા છે, જેમાં ખાસ કરીને કચ્છ જિલ્લામાં આજે (૧૫મી સપ્ટેમ્બર) સવારથી જ તોફાની બેટિંગ જોવા મળી રહી છે. કચ્છના માંડવી તાલુકામાં સવારે ૮થી ૧૦ વાગ્યાના માત્ર બે જ કલાકના સમયગાળામાં ૫ ઈંચથી વધુ ખાબકેલા ભારે વરસાદને કારણે સમગ્ર પંથકમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે.સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર , ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, સવારે ૮ થી ૧૦ વાગ્યા દરમિયાન રાજ્યના ૨૫ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં માંડવીમાં સૌથી વધુ ૫ ઈંચ ઉપરાંત કચ્છના મુન્દ્રામાં ૦.૭૯ ઈંચ, ભુજમાં ૦.૫૯ ઈંચ, નખત્રાણામાં ૦.૩૯ ઈંચ, લખપતમાં ૦.૩૫ ઈંચ, ગાંધીધામમાં ૦.૨૪ ઈંચ અને અંજારમાં ૦.૨૦ ઈંચ વરસાદ વરસ્યો હતો. આ સિવાય પોરબંદર, ઓખામંડળ, સુરત શહેર, કોડિનાર, જામનગર, રાણાવાવ, જાફરાબાદ અને ગીર સોમનાથના વિસ્તારોમાં પણ હળવો વરસાદ નોંધાયો છે.નોંધનીય છે કે, છેલ્લા ૨૪ કલાકના આંકડાઓ પર નજર કરીએ તો કચ્છ પંથકમાં મેઘરાજાએ સૌથી વધુ રૌદ્રસ્વરૂપ ધારણ કર્યું છે. કચ્છના અંજાર તાલુકામાં સૌથી વધુ ૭.૨૪ ઈંચ વરસાદ ખાબક્યો છે, જ્યારે ગાંધીધામમાં ૪.૬૧ ઈંચ અને ભચાઉમાં ૪.૪૧ ઈંચ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં પણ ભારે વરસાદ વરસ્યો છે, જેમાં ભાવનગરના વલ્લભીપુરમાં ૬.૧ ઈંચ, જામનગર શહેરમાં ૫.૫૯ ઈંચ અને રાજકોટના કોટડા સાંગાણીમાં ૫.૨ ઈંચ વરસાદ વરસી ચૂક્યો છે.હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, આજે (૧૫મી સપ્ટેમ્બર સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, પોરબંદર, મોરબી, દેવભૂમિ દ્વારકા તેમજ કચ્છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. આ દરમિયાન ૩૦થી ૧૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાવાની અને ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે. જ્યારે ૧૬થી ૧૮મી સપ્ટેમ્બર દરમિયાન રાજ્યભરમાં ભારે વરસાદનું જોર ઘટશે.

'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત

# વલસાડ ડુંગરી પોલીસ સ્ટેશનમાં રૂ. ૨.૦૭ લાખના ૧૩ મોબાઈલ માલિકોને અર્પણ કરાયા



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૧૫**

વલસાડ જિલ્લા પોલીસ એક ખાસ અભિયાન ચલાવી રહી છે. જેમાં 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ વિવિધ પોલીસ સ્ટેશનમાં યોજતી રહી છે. તેવો એક કાર્યક્રમ ડુંગરી પોલીસ સ્ટેશનમાં યોજાયો હતો. જેમાં કુલ ૧૩ મોબાઈલ જે ચોરી કે સ્નેચીંગ થયા હતા. તેવા મોબાઈલ શોધી કુલ ૨,૦૭,૪૯૨/- રૂપિયાનો મુદ્દામાલ મૂળ માલિકોને અર્પણ કરવામાં આવ્યો હતો.

વલસાડ ડુંગરી પોલીસ સ્ટશેનમાં નાયબ પોલીસ અધિક્ષક શ્રી એ.કે.વર્માની અધ્યક્ષતામાં 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ ફરિયાદોની તપાસ પુરી કરી પોલીસે ૧૩ મોબાઈલ શોધી કાઢયા હતા. પોલીસ સ્ટેશનમાં મૂળ માલિકોને બોલાવીને ચોરી થયેલા રૂપિયા ૨,૦૭,૪૯૨/-ના મોબાઈલ પરત આપ્યા હતા. મોબાઈલ પરત મળતા માલિકોમાં ખુશી જોવા મળી હતી. પોલીસને અભિનંદન પાઠવ્યા હતા. જિલ્લા પોલીસનું આ અભિયાન સરાહનીય છે.

# નવસારીના ગોલવાડમાં ગિફ્ટ શોપમાં લાગી ભીષણ આગ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવસારી,તા.૧૫**

નવસારી શહેરના ગીચ વિસ્તાર ગણાતા ગોલવાડમાં આવેલી એક ગિફ્ટ શોપમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. દુકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જ આસપાસના વેપારીઓ અને સ્થાનિક રહીશોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા સમગ્ર વિસ્તારમાં ચિંતા વ્યાપી ગઈ હતી.

ઘટના અંગે નવસારી ફાયર વિભાગને તુરંત જાણ કરવામાં આવી હતી. ઘટના સ્થળે દોડી આવેલા ફાયર ફાઈટરોએ ત્વરિત કામગીરી હાથ ધરીને સતત પાણીનો મારો ચલાવ્યો હતો. ફાયર વિભાગની ટીમની ભારે જહમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી શકાયો હતો, જેના કારણે આસપાસની અન્ય દુકાનો આગની ઝપેટમાં આવતા બચી ગઈ હતી. આ દુર્ઘટનામાં ગિફ્ટ શોપમાં રહેલો મોટાભાગનો સામાન બળીને ખાખ થઈ જતાં દુકાનદારને ભારે નુકસાન થયું છે. પ્રાથમિક તપાસ અને અનુમાન મુજબ આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે. સદભાગ્યે, સમયસરની કામગીરીને કારણે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

# બરવાળા પંથકમાં સતત ચોથા દિવસે જામ્યો મેઘાવી માહોલ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**બોટાદ,તા.૧૫**

બોટાદ જિલ્લાના બરવાળા તાલુકા પંથકમાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે. ચોમાસાની ઋતુ વચ્ચે સતત ચોથા દિવસે પણ સમગ્ર પંથકના વાતાવરણમાં વરસાદી છાયા જોવા મળી રહી છે. ગત મોડી રાત્રિથી આશરે ૧૪ કલાક જેટલા લાંબા વિરામ બાદ આજે બપોર પછી ફરી એકવાર આકાશમાં કાળાડિબંગ વાદળો ઘેરાયા હતા અને મેઘરાજાએ પંથકમાં પુનઃ પધરામણી કરી હતી.બરવાળા શહેરમાં બપોર બાદ ધીમી ધારે વરસાદ શરૂ થતાં વાતાવરણમાં શરદપૂર્ણ આહલાદક ઠંડક પ્રસરી ગઈ છે. શહેરના ખારા વિસ્તાર, ખોડીયાર નગર, રોકડિયા હનુમાનજી, મહાદેવ પાર્ક, બસ સ્ટેન્ડ, વાગડીયા શેરી, છત્રી ચોક અને શાક માર્કેટ સહિતના તમામ મુખ્ય અને ધમધમતા શહેરી વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા. વરસાદના પગલે માર્ગો પરથી પાણી વહેતા થયા હતા.

કેવળ બરવાળા શહેર જ નહીં પરંતુ તાલુકાના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધીમી ધારે વરસાદ વરસ્યો છે. ખમીદાણા, રોજીદ, રામપરા અને કુંડળ સહિતના ગામોમાં હળવાથી મધ્યમ ઝાપટાં પડતાં ખેતરોમાં ઊભેલા પાકને નવું જીવન મળ્યું છે. સતત ચોથા દિવસે પણ મેઘમહેર જળવાઈ રહેતાં સ્થાનિક રહીશો અને ખાસ કરીને ખેડૂત આલમમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# રાજકોટ કોર્ટ, નાયરા રિફાઈનરી અને મહાત્મા મંદિરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## પોલીસ વિભાગ દ્વારા સાયબર ક્રાઇમની મદદથી આ ઈ-મેઈલ મોકલનાર શખ્સોને પકડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાજકોટ,તા.૧૫**

થોડા દિવસો પહેલા જ ગુજરાતમાં ગાંધીનગર સચિવાલય, કોર્ટ અને અમદાવાદની સ્કૂલો સહિતના સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ ધમકી આપનારા બે આરોપીઓને પોલીસે ઝારખંડથી ઝડપી પાડ્યા હતાં. હવે ફરીવાર ગુજરાતના જાહેર સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં પોલીસ સહિતની સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ છે. રાજકોટ કોર્ટ અને બાર એસોસિએશનને ખાલિસ્તાની ગ્રુપના નામે ઈ-મેઈલ મોકલીને કોર્ટ તેમજ જામનગર, નયારા રિફાઈનરી અને ગાંધીનગરના મહાત્મા મંદિરને બોમ્બ કે ડ્રોન હુમલાથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ તપાસ શરૂ થઈ છે.

રાજકોટ કોર્ટના ઓફિશિયલ તેમજ બાર એસોસિએશનના ઈ-મેઈલ એડ્રેસ પર ખાલિસ્તાની ગ્રુપના નામે એક અત્યંત ગંભીર અને ધમકીભર્યો સંદેશો મળતા કોર્ટ અધિકારીઓમાં ભારે દોડધામ મચી ગઈ છે.આ ઈ-મેઈલમાં માત્ર રાજકોટ કોર્ટને જ નહીં,પરંતુ જામનગર સુધી ડ્રોન હુમલા કરવાની, વાડીનાર પોર્ટથી લઈને નયારા રિફાઈનરી અને સિક્કા પોર્ટને નિશાન બનાવવાની તેમજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આઈફોન



બેટરી દ્વારા બોમ્બ બ્લાસ્ટ કરવાની ગર્ભિત ધમકી આપવામાં આવી છે. આ અંગે ત્વરિત કોર્ટ અધિકારીઓ દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા, સુરક્ષા એજન્સીઓ અને પોલીસ વિભાગ દ્વારા સાયબર ક્રાઈમની મદદથી આ ઈ-મેઈલ મોકલનાર શખ્સોને પકડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રીની ઓફિસ, મુખ્યમંત્રી કાર્યાલય તેમજ ગુજરાત વિધાનસભા સહિતના દેશ અને રાજ્યના અત્યંત સંવેદનશીલ અને મહત્વના સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી.આ ગંભીર મામલે સાયબર સેન્ટર ઓફ એક્સલેન્સે સત્વરે કાર્યવાહી કરીને બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી લીધી છે.આ સમગ્ર કેસમાં બોમ્બથી ઉડાવવાની ધમકી આપતા ઈ-મેઈલ મોકલવામાં આવ્યા હતા. આ મામલે ટેક્નિકલ સર્વેલન્સ અને સાયબર ઈન્ટેલિજન્સના આધારે બિહાર અને ઝારખંડમાંથી બે શંકાસ્પદ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે.

**વ્યાજબી ભાવે પ્લાસ્ટિક બેગ ઉપલબ્ધ કરાવવામાં આવે**

# સાબર ડેરી દ્વારા સાબરદાણની પ્લાસ્ટિકની બેગના ભાવમાં વધારો ઝિંકતા કિસાન સંઘ લાલઘૂમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સાબરકાંઠા,તા.૧૫**

સાબરકાંઠા જિલ્લાની સાબર ડેરી દ્વારા સાબરદાણની પ્લાસ્ટિક બેગના ભાવમાં તોતિંગ ૨૨૦ રૂપિયાનો વધારો ઝીંકવામાં આવતા ભારતીય કિસાન સંઘ લાલઘૂમ થયો છે.આ ભાવવધારો સીધો ખેડૂતો અને પશુપાલકોના આર્થિક હિતની વિરુદ્ધ હોવાનો દાવો કરીને કિસાન સંઘ દ્વારા સાબર ડેરીના ચેરમેન અને નિયામક મંડળને સત્તાવાર પત્ર લખવામાં આવ્યો છે.આ પત્રમાં ડેરી દ્વારા કરાયેલા આ અયોગ્ય ભાવવધારાને તાત્કાલિક અસરથી પાછો ખેંચવાની અને પશુપાલકોને યોગ્ય તથા વ્યાજબી ભાવે પ્લાસ્ટિક બેગ ઉપલબ્ધ કરાવવા માટે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી છે.

સાબર ડેરી દ્વારા તાજેતરમાં પ્લાસ્ટિક બેગના ભાવમાં કરવામાં આવેલા અસહ્ય વધારા સામે પશુપાલકો અને ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.આ મામલે ભારતીય કિસાન સંઘ દ્વારા સાબર ડેરીના ચેરમેન તથા નિયામક મંડળને એક લેખિત રજૂઆત કરીને આ ભાવવધારો તાત્કાલિક ધોરણે પાછો ખેંચવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે.ભારતીય કિસાન સંઘના પ્રમુખ/મંત્રી દ્વારા મોકલવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે,સાબર ડેરી દ્વારા પ્લાસ્ટિક બેગના ભાવમાં તાજેતરમાં રૂપિયા ૨૨૦નો મોટો વધારો કરવામાં આવ્યો છે. હાલની કપરી પરિસ્થિતિમાં આ પ્રકારનો તોતિંગ ભાવવધારો પશુપાલકો અને ખેડૂતોના હિતમાં બિલકુલ યોગ્ય નથી.

કિસાન સંઘે ડેરી પ્રશાસનને વિનંતી કરી છે કે સાબર ડેરી સાથે જોડાયેલા લાખો ખેડૂતો અને પશુપાલકોના આર્થિક હિતને ધ્યાનમાં રાખીને, આ વધારાને તાત્કાલિક અસરથી નાબૂદ કરવામાં આવે અને યોગ્ય તથા વ્યાજબી ભાવે પ્લાસ્ટિક બેગ ઉપલબ્ધ કરાવવામાં આવે.પત્રના અંતે કિસાન સંઘે આશા વ્યક્ત કરી છે કે ડેરીના સત્તાધીશો પશુપાલકોના હિતમાં સત્વરે હકારાત્મક નિર્ણય લઈ ભાવઘટાડો કરશે.જો આગામી દિવસોમાં આ નિર્ણય પાછો ખેંચવામાં નહીં આવે તો ખેડૂતો અને પશુપાલકોના હિત માટે કિસાન સંઘ આગામી વ્યૂહરચના વિચારી શકે છે.

# રાંદેર વિસ્તારમાંથી ૧.૫૭ લાખથી વધુના MD ડ્રગ્સ સાથે એક ઈસમ ગિરફતાર



(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત,તા.૧૫**

સુરત શહેરને ડ્રગ્સમુક્ત કરવાના અભિયાન હેઠળ સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પોલીસને વધુ એક મોટી સફળતા મળી છે. SOG ની ટીમે ચોક્કસ બાતમીના આધારે રાંદેર વિસ્તારમાં દરોડો પાડીને બાશીત રઝાક સૈયદ નામના ઈસમને ગેરકાયદેસર મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો છે.પોલીસે આરોપી પાસેથી ૫૨.૩૬૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો છે, જેની બજાર કિંમત રૂપિયા ૧,૫૭,૦૮૦ થવા જાય છે.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. આરોપી બાશીત સૈયદ અગાઉ કપડાં વેચવાનો વ્યવસાય કરતો હતો.

પરંતુ કપડાંના ધંધામાં યોગ્ય કમાણી કે નફો ન થતાં તેણે રાતોરાત અમીર બનવા અને શોર્ટકટથી પૈસા કમાવાના ચક્કરમાં ડ્રગ્સ સપ્લાય કરવાનો માર્ગ પસંદ કર્યો હતો.આરોપીએ આ ડ્રગ્સનો જથ્થો એક વોન્ટેડ શખ્સ પાસેથી મેળવ્યો હોવાનું કબૂલ્યું છે. સુરત SOG એ આરોપી વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધીને મુખ્ય ડ્રગ્સ સપ્લાયરને ઝડપી પાડવા માટે આગળની તપાસ ચાલુ કરી છે.

# વાગરામાં પતિ-પત્ની અને પ્રેમીના ત્રિકોણીય વિવાદમાં ૨૭ વર્ષીય યુવકની હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભરૂચ,તા.૧૫**

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના પહાજ ગામમાં પ્રેમ પ્રકરણના વિવાદે અત્યંત ભયાનક અને લોહિયાળ રૂપ ધારણ કર્યું છે. પતિ, પત્ની અને પ્રેમીના ત્રિકોણીય કિસ્સામાં ૨૭ વર્ષીય યુવક વસીમભાઈ ઈકબાલ દિવાનની નિર્મમ હત્યા કરવામાં આવી છે. રાત્રિના સમયે વરસાદ અને વીજળી ગુલ હોવાના કારણે ફેલાયેલા અંધારાનો લાભ લઈને વસીમ પર ઘાતક હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તે લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. ઈજાગ્રસ્ત વસીમને સ્થાનિકો અને મિત્રો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ વાગરા, ત્યારબાદ ભરૂચ અને વધુ ગંભીર હાલત હોવાથી વડોદરા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, તબીબોની તમામ કોશિશો છતાં સારવાર દરમિયાન વસીમે દમ તોડ્યો હતો. ૨૭ વર્ષીય યુવાનના અચાનક મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને સમગ્ર પહાજ ગામમાં શોક તેમજ આક્રોશની કાળી ડિબંગ છાયા ફરી વળી છે.

બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વાગરા પોલીસે ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ મુખ્ય આરોપી આસિફ મહંમદ પટેલની ધરપકડ કરી લીધી છે. આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૦૩(૧), ૧૦૯(૧) અને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

ઘટનાસ્થળે રી-કન્સ્ટ્રક્શન કામગીરી દરમિયાન પરિવાર અને પોલીસ વચ્ચે થયેલી ઘર્ષણની સ્થિતિ બાદ પરિવારે પોલીસની માફી માંગી તેમની ઝડપી કામગીરીને બિરદાવી હતી. હાલ વસીમનો પરિવાર આરોપી સામે કડકમાં કડક કાયદાકીય કાર્યવાહી કરી ન્યાય અપાવવાની માંગ કરી રહ્યો છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM
FAILSIYA WILSON NATHAN TO
**NEW NAME FELCIA WILSON NATHAN**
**ADD.** FLAT NO. 203,
REBELLO COMPLEX, OPP ADIVASI BHAVAN,
SILVASSA- 396230, UT OF DNH&DD

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM
RAKESH MADHUBHAI PATEL TO
**NEW NAME RAKESH PATEL**
**ADD.** H NO. 27, FAD PADA,
OPP SSR COLLEGE, SAYLI, SILVASSA-
396230, UT OF DNH&DD

**સરકારી પોલિટેકનિક, વારકુંડ, નાની દમણ - ૩૯૬૨૧૦**

સરકારી પોલિટેકનિક, દમણ ખાતે 'ટૂંકા ગાળાના કરારના ધોરણે' (Short Term Contract Basis) છ મહિનાના સમયગાળા માટે નીચે મુજબની જગ્યા ભરવાની છે: - પ્લાસ્ટિક એન્જિનિયરિંગની લેક્ચરરની ૦૧ જગ્યા માટે ભરતી

ક્રમાંક ૩૯.૧-EST-GP(વોલ્યુમ ૩)/૨૦૨૬-૨૭/૬૫૮
તારીખ: ૧૫/૦૯/૨૦૨૬

https://ddd.gov.in/

શરૂઆતની તારીખ: 16/09/2026
અંતિમ તારીખ: 15/10/2026

No. IP/DMN/2/5/2026-27/492, Dated: 15/09/2026

**भारतीय विमानपत्तन प्राधिकरण**
**AIRPORTS AUTHORITY OF INDIA**
કોર્પોરેટ હેડક્વાર્ટર, રાજીવ ગાંધી ભવન,
સફદરજંગ એરપોર્ટ, નવી દિલ્હી - ૧૧૦૦૦૩

**આર્બિટ્રેટર્સ પેનલ માટે**

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એએઆઈ) **''કાનૂની મુદ્દાઓ, કરાર વ્યવસ્થાપન અને AAI ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાંથી ઉદ્‌ભવતા વિવાદોના નિરાકરણ માટે આર્બિટ્રેટર્સ પેનલ માટે''**અરજીઓ આમંત્રિત કરી રહી છે.

ઓનલાઈન અરજી ફોર્મ AAIની સત્તાવાર વેબસાઈટ પર **૧૦.૦૯.૨૦૨૬ (સવારે ૦૯.૩૦) થી ૦૯.૧૦.૨૦૨૬ (સાંજના ૦૬.૦૦)** સુધી ઉપલબ્ધ છે. અરજીઓ ફક્ત ઓનલાઈન મોડ દ્વારા જ સ્વીકારવામાં આવે છે. પાત્રતા માપદંડો અને પેનલમાં જોડાવા અંગે સંપૂર્ણ માહિતી માટે, કૃપા કરીને એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની વેબસાઇટ **www.aai.aero → Career → Recruitment Dashboard** ની મુલાકાત લો.

**N-02-2026-27 (CC)**


cbc03111/11/0007/2627

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# વાપીમાં ગણેશ મહોત્સવની ઉજવણીમાં દમણ ઝલક થીમ સર્જીત કરાઈ: વાપી-દમણના સાયુજ્યને વધારાયું

## વાપી રેલવે સ્ટેશનનું નામ દમણ રોડ હતું તેવી તમામ સ્મૃતિઓ ગણેશ પંડાલમાં નિરુપાઈ છે







(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૫

વાપી ચલામાં ગણેશ મંડળ દ્વારા ગણેશ ઉત્સવમાં અલૌકિક થીમ રજૂ કરાઈ છે. પંડાલમાં દમણની ઝાંખી બીચ, દિવાદાંડી સહિતના અનેક આકર્ષણો પ્રદર્શિત કરીને મંડળ દ્વારા વાપી દમણના સાયુજ્યને ઉજાગર કર્યું છે.

માનવીમાં રહેલી સર્જનાત્મકતાની ઝલક જોવી હોય તો વર્તમાન ગણેશ મહોત્સવમાં ઠેર ઠેર જોવા મળી રહી છે. આ તમામથી નોખી અનોખી થીમ વાપીના મંડળે પ્રદર્શિત કરી છે. ગણેશજીના પંડાલમાં દમણને આબેહુબ રજૂ કરાયું છે. દમણનો બીચ, દિવાદાંડી, બોટોનો નજારો, દરિયા નિકારાની અનુપમ ઝલક આ પંડાલમાં વણી લેવાઈ છે. અંગ્રેજ શાસનમાં વાપી રેલવે સ્ટેશનનું નામ દમણ રોડ હતું તેનો પણ ઉલ્લેખ કરાયો છે. ગણેશ ઉત્સવ માત્ર ધાર્મિક આયોજનથી વધુ એક કદમ આગળ રહી લોકોને જોડવાનો માધ્યમ બની રહ્યો છે.

વાપી-દમણના સાયુજ્યમાં આ પંડાલે ચાર ચાંદ લગાવી પ્રતિત કરાવ્યું છે. અન્ય પર્વ અને ઉત્સવો કરતા ગણેશ ઉત્સવ અનોખો એટલે બની રહ્યો છે જે વાપીના પંડાલે સાબિત કર્યું છે.

### સાર્વજનિક ગણેશ મહોત્સવ પારડી સ્વાધ્યાય મંડળ દ્વારા

# રમત ગમતના વિવિધ સાધનોમાંથી ગણેશજીની પ્રતિકૃતિ

## ૧૨ વર્ષથી ઈકો ફ્રેન્ડલી અને વેસ્ટમાંથી બેસ્ટ 'શ્રીજી'ની પ્રતિકૃતિ




-તસવીર: બિપીન પરમાર

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**પારડી, તા.૧૫:** પારડી સ્વાધ્યાય મંડળ રોડ ખાતે આવેલ સાર્વજનિક ગણેશ મહોત્સવ મંડળ છેલ્લા ૪૫ થી વધુ વર્ષથી ગણેશજીની સ્થાપના કરી ગણેશ મહોત્સવની ઉજવણી કરે છે. પરંતુ છેલ્લા ૧૨ વર્ષથી આ મંડળના યુવાનોએ મિત્રોની સાથે મળી એક નવો ચીલો ચિતર્યો છે. હાલમાં ગણેશજીના દરેક મંડળો મોટી પ્રતિમા અને આગમન દ્વારા લાખોનો ધુમાડો કરી એકબીજાની વચ્ચે હરીફાઈ કરી રહ્યા છે. ત્યારે સ્વાધ્યાય મંડળના સાર્વજનિક ગણેશ મંડળના યુવાનો દ્વારા સરકારના આદેશ અને પર્યાવરણ તથા પોતાની કલાકૃતિને લોકો સમક્ષ રજૂ કરી દર વર્ષે કંઈક નવું જ પર્યાવરણ બચાવો તથા વેસ્ટમાંથી બેસ્ટને ધ્યાને લઈ એક નવો જ સંદેશો લોકો સમક્ષ રજૂ કરે છે.

આ ૧૨ વર્ષ દરમિયાન સાર્વજનિક ગણેશ મહોત્સવ સ્વાધ્યાય મંડળ દ્વારા સૌ પ્રથમ ૨૦૧૩માં વડવાઈ ના ગણેશજી, ૨૦૧૪માં સોપારીના, ૨૦૧૫માં શુદ્ધ માટી તથા છાણના, ૨૦૧૬ માં વેસ્ટમાંથી બેસ્ટ આધારિત સાયકલના વિવિધ સ્પેરપાર્ટ ના, ૨૦૧૭ માં ફૂલોના, ૨૦૧૮માં ફરી એક વખત અલગ અલગ વાજિંત્ર ના સાધનોમાંથી, ૨૦૧૯ માં સરકારને સંદેશો આપતો મીઠું પર જીએસટી આધારિત, વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ માં કોરોના કાળ દરમિયાન કોઈ પ્રતિકૃતિ રજૂ ન કરતા ૨૦૨૨ માં ફરીથી કોરોના કાળ ને ધ્યાને લઈ હોસ્પિટલ તથા ડોક્ટરોના વિવિધ સાધનોમાંથી, ૨૦૨૩ માં આદિવાસીઓના જીવન શૈલી પર આધારિત વાંસના સાધનોમાંથી બનાવેલ જીવન જરૂરી સાધનો, ૨૦૨૪ માં વિવિધ રંગબીરંગી વિવિધ છત્રીઓમાંથી, ૨૦૨૫ માં સોપારીના પાનના ગણેશજી અને હાલમાં ૨૦૨૬ માં રમત ગમતના સાધનો જેમાં ટેબલ ટેનિસ, બેટમિન્ટન, ફૂટબોલ, વોલીબોલ, તિરંદાજી, હોકી તથા ક્રિકેટના વિવિધ સાધનોનો ઉપયોગ કરી આબેહૂબ ગણેશજીની પ્રતિમા તૈયાર કરવામાં આવી છે.

જે હંમેશની જેમ સ્થાપનાના પહેલા જ દિવસથી લોકોના આકર્ષણનું કેન્દ્ર રહેતા પારડી સહિત આજુબાજુના લોકો અહીં દર્શને આવી રહ્યા છે.

# પારડીમાં દોઢ દિવસના ગણેશજીનું વિસર્જન

## પાર નદી કાંઠે ગણેશજીના વિસર્જનમાં પારડી નગરપાલિકા તરફથી સગવડનો અભાવ




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૧૫

ગઈકાલથી શરૂ થયેલ ગણેશ મહોત્સવને લઈ સમગ્ર પારડી શહેર ભક્તિના રંગે રંગાઈ ચૂક્યું છે અને મંડળને બાદ કરતા હવે કેટલાય પરિવારો પોતાના ઘરે દોઢ અઢી અને ત્રણ દિવસના ગણેશજીનું સ્થાપન કરી પૂજા અર્ચના કરતા હોય છે

આજરોજ દોઢ દિવસ પૂર્ણ થતા આશરે ૧૦૦થી વધુ ગણેશજીની નાની નાની મૂર્તિઓનું વિસર્જન કરવા કેટલાય પરિવારો પાર નદી કાંઠે પહોંચ્યા હતા. જ્યાં ચંદ્રપુર ખાતે રહેતા માંગેલા લાઈફ સેવર ટ્રસ્ટના તરવૈયા યુવાનો દ્વારા ફ્રીમાં બાપાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

દર વર્ષે પાલિકા તરફથી ખૂબ જ સુંદર રીતે આયોજન કરી સંપૂર્ણ સગવડ સાથે ગણેશજીના વિસર્જનમાં કોઈ વિઘ્ન ન આવે તેની તકેદારી રાખી પાલિકા સ્ટાફને ખડે પગે રાખી આ ગણેશ મહોત્સવનો તહેવાર ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે પરંતુ આજરોજ પારડી પાર નદી ખાતે જોતા પાલિકા તરફથી આંખે દેખાય એવી કોઈ સગવડ ઊભી કરવામાં આવી નથી. બપોર પછી વિસર્જન થતું હોય અને અંધારૂ જલ્દીથી થતું હોય પારનદી કિનારે કોઈ લાઈટની સગવડ કરવામાં આવી ન હતી કે પાર નદી કિનારે થતી ગણેશજીની છેલ્લી આરતી કરવા માટે કોઈ ટેબલની પણ વ્યવસ્થા કરવામાં આવી ન હોય લોકોએ બાપાની મૂર્તિને નીચે જમીન પર મૂકી આરતી કરવી પડી હતી. આ ઉપરાંત રસ્તાને પણ વન વે કરવામાં આવ્યો નહોતો, જેને લઇ ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઇ હતી.

વરસાદની સિઝન હોય કોઈ મંડપની વ્યવસ્થા પણ કરવામાં આવી ન હતી . આમ ગણેશજીની વિસર્જનની વ્યવસ્થામાં પારડી નગરપાલિકા સીઓએ કોઈ ધ્યાન આપ્યું હોય એવું લાગતું નથી.

# લવાછાની ઘરફોડચોરીનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલતી નાનાપોંઢા પોલીસ: ૩ આરોપીઓ ઝડપાયા



## ગત ૧૧ સપ્ટેમ્બરે લવાછા ખાતે બંધ મકાનનું તાળુ તોડી રૂા.૧.૩૬ લાખની ચોરી થઈ હતી: પોલીસે રૂા.૪૨,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૫

લવાછા ગામે તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૩૦થી રાત્રે ૮ વાગ્યા દરમિયાન ગૌતમભાઈની ચાલ, રૂમ નં.૫માં રહેતા સુરેન્દ્ર માનેકલાલ માંગીલાલ ચૌહાણના બંધ મકાનનું તાળું તોડી તસ્કરોએ કબાટનું લોકર ફોડી સોના-ચાંદીના દાગીના રૂા.૧.૧૭ લાખ, રોકડા રૂા.૧૫ હજાર અને એચ.પી.ગેસના બે બાટલા રૂા.૪ હજાર, મળી કુલ રૂા.૧.૩૬ લાખની ચોરી કરી હતી.

આ અંગે નાનાપોઢા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ગુનાનો ભેદ ઉકેલવા સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ, વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના તથા ધરમપુર વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક ભાર્ગવ પંડયાના માર્ગદર્શન હેઠળ પીઆઈ શ્રી એમ.એન. કાતરીયાએ અલગ-અલગ ટીમો બનાવી ઘટનાસ્થળ તથા આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસ આરોપીઓ સુધી પહોંચી હતી. તા.૧૩ સપ્ટેમ્બરે સાંજે ૫:૩૦ વાગ્યે પોલીસે ત્રણ આરોપીઓ–વિજયબહાદુર ઉર્ફે ગુરુ શ્રીરામ સરોજ (ઉ.વ.૪૧), સતિષકુમાર દિનેશ ઓમકારનાથ સરોજ (ઉ.વ.૩૪) અને મનીષ ઉર્ફે આનંદ બહાદુર હરીલાલ પાસી (ઉ.વ.૧૯)ને ઝડપી પાડ્યા હતા. ત્રણેય લવાછા, નાનાપોઢા ખાતે મજૂરી કરતા હોવાનું તથા મૂળ જૌનપુર, ઉત્તર પ્રદેશના રહેવાસી હોવાનું સામે આવ્યું છે.

આરોપીઓ પાસેથી ચોરીના સોના- ચાંદીના દાગીના રૂા.૨૮,૦૦૦ તથા રોકડા રૂા.૧૪,૬૦૦, મળી કુલ રૂા.૪૨,૬૦૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. બાકીના મુદ્દામાલની રિકવરી માટે આરોપીઓને કપરાડા કોર્ટમાં રજૂ કરી તા.૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના સવારે ૧૧ વાગ્યા સુધી પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવવામાં આવ્યો છે. કામગીરી કરનાર ટીમ પીઆઈ એમ.એન. કાતરીયા, પીએસઆઈ આર.બી. પરમાર, એએસઆઈ જીતેશભાઈ જયરામભાઈ (બ.નં.૮૧૭), અ.હે.કો. હરિશભાઈ ઈશ્વરભાઈ (બ.નં.૫૦૪), અ.હે.કો. મુમાભાઈ અમરાભાઈ (બ.નં.૧૧૪૦), પો.કો. જીલુભાઈ હિરાભાઈ (બ.નં.૧૪૭), પો.કો. સંદિપસિંહ ઘનશ્યામસિંહ (બ.નં.૯૫૮) અને પો.કો. ધાર્મિકભાઈ લાખાભાઈ (બ.નં.૧૨૧૬)એ ટીમવર્કથી કામગીરી કરી હતી.

# વલસાડ સાઈબર ક્રાઈમ પોલીસે રૂ.૧.૪૬ કરોડનો ફ્રોડ કરનાર ગેંગના વધુ બે આરોપીઓને ઝડપી જેલ ભેગા કર્યા



## બનાવટી ઈન્વેસ્ટમેન્ટ કંપની ઉભી કરીને લોકો પાસે શેર બજારના નામે નાણાંનું રોકાણ કરાવતા હતા

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૫

છેલ્લા કેટલાક સમયથી સાઈબર ક્રાઈમના ગુનાઓ વધી રહ્યા છે. ફ્રોડ કરનાર ગેંગો સક્રિય થઈ ચૂકી છે. વધુ નાણાં કમાવવાની લાલચ આપી અવનવી તરકીબોથી લોકોના રૂપિયા હડપ કરવાની સાયબર ઠગો પેરવી કરતા રહે છે. તેવી ફ્રોડ કરનાર એક ગેંગે બનાવટી ઈન્વેસ્ટમેન્ટ કંપની ઉભી કરી હતી. વિવિધ લોકોને શેરબજારમાં નાણા રોકાણ કરાવતા હોય તેવી ગેંગો એક ફ્રોડમાં ૧,૪૬,૭૫૦૦૦ કરોડનો ફ્રોડ કર્યો હતો. જેની વિવિધ પોલીસ સ્ટેશનોમાં ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ સાયબર ક્રાઈમ વલસાડ પોલીસે ફ્રોડ કરનાર ગેંગના વધુ બે આરોપીને ઝડપી પાડ્યા છે.

વલસાડ ક્રાઈમ પોલીસે ચાંપતી તપાસની જાળ બિછાવીને ભાર્ગવ નરેશભાઈ સોલંકી રહે. મામાનગર રોડ, દુધની ડેરી સામે માલગઢ જી. બનાસકાંઠા તથા મેહુલ મહેન્દ્રભાઈ કછુઓ રહે. કાન્તીનગર અપના હાઈટેક (બટાકા કોલ્ડ સ્ટોરેજ)ની પાછળ મુ. માલગઢ જી. બનાસકાઠાના બે આરોપીને ઝડપી પાડી જેલ ભેગા કર્યા છે. આ ફ્રોડ કરનાર ગેંગના અન્ય આરોપીઓને પોલીસે અગાઉ ઝડપી પાડ્યા હતા.

## વાપીમાં વિવિધ સ્થળોએ સ્થાપવામાં આવેલી શ્રીજીની પ્રતિમાઓ




વાપી બલીઠા દાંડીવાડ ખાતે સાર્વજનિક ગણેશ મહોત્સવના 'દાંડીવાડના વિઘ્નહર્તા' (અહીં છેલ્લા ૪૦ વર્ષથી શ્રીજીની સ્થાપના કરવામાં આવે છે.)



જય ભવાની યુવા મંડળ, બલીઠા વાવ ફળિયું



એકતા મિત્ર મંડળ, વાપી ટાઉન



માતા પાર્વતી સાથે બાલ સ્વરૂપ ગણેશ, ચાણોદ કોલોની, વાપી



બાલ સ્વરૂપ ગણેશજી, ગુંજન, વાપી શંભુસેના